# મે ૨૦૧૪

# Most IMP Current Affairs




Crack GPSC

www.crackgpsc.com

# મે ૨૦૧૪

Useful For....
UPSC, GPSC, PSI, SSC, RBI, IBPS, TAT, TET, Railway, Post, LIC, MBA & All Competitive Exams

www.crackgpsc.com

www.crackgpsc.com

www.crackgpsc.com

# Most Imp Current Affairs – May 2014

1

- સુપ્રીમ કોર્ટે કેજી બેસિન પર કેન્દ્ર સરકાર અને મુકેશ અંબાણીના નેતૃત્વવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) વચ્ચે રહેલા વિવાદના ઉકેલ માટે ત્રીજા મધ્યસ્થી તરીકે ઓસ્ટ્રેલિયન સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશ માઈકલ હડસન મેકહ્યુ ની નિમણૂક કરી.
- સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ના ડિરેક્ટર અરવિંદ રાજન ને સશસ્ત્ર સીમાબળ (SSB) ના જનરલ ડિરેક્ટરની જવાબદારી સોંપવામાં આવી. અરવિંદ રાજને અરુણ ચૌધરીનું સ્થાન લીધું.
- ફિનલેન્ડની મોબાઈલ ફોન કંપની નોકિયાએ ભારતીય મૂળના રાજીવ સૂરી ને પોતાના CEO નિમણૂક કર્યાં. સૂરી નોકિયાના નેટવર્ક સાધનોના એકમ 'સોલ્યુશન્સ એન્ડ નેટવર્કસ' (NSN) નું નેતૃત્વ કરી રહ્યા છે.
- દૂરસંચાર કંપની રિલાયન્સ કમ્યુનિકેશને ટાટા ટેલિસર્વિસીઝ અને એરસેલ સાથે ત્રિપક્ષીય કરાર કર્યો જેથી સમગ્ર દેશમાં એકબીજાના નેટવર્કનો ઉપયોગ કરી ત્રણેય કંપનીના ગ્રાહકોને રોમિંગ સેવા આપી શકાય. આરકોમ અને એરસેલ પાસે 22 સેવા ક્ષેત્રમાંથી 13 ક્ષેત્રોમાં 3જી સેવા શરૂ કરવાની અનુમતિ છે જ્યારે ટાટા ટેલિસર્વિસિઝને 9 સેવા ક્ષેત્રમાં 3જી સેવા આપવાની મંજૂરી છે.
- ઈજીપ્તની એક કોર્ટે મુસ્લિમ બ્રધરહુડના પ્રમુખ મોહમ્મદ બાદેઈ અને તેમના 682 સમર્થકોને મૃત્યુની સજા આપી.
- યુરોપીયન સંઘે ભારતમાંથી આલ્ફાન્સો કેરી અને ચાર શાકભાજી પર તાત્કાલિક પ્રતિબંધ લગાવ્યો છે જેના કારણે ભારતીય સમુદાયના લોકો, કાયદા નિર્માતાઓ અને વેપારીઓએ વિરોધ પ્રદર્શિત કર્યો છે.
- ફ્લિપકાર્ટે 10 શહેરમાં એક જ દિવસમાં ઑર્ડર પૂરો કરવાની સેવા શરૂ કરી. ગ્રાહક 12 વાગ્યા સુધી ઑર્ડર આપશે તો તેજ દિવસની સાંજના નવ વાગ્યા સુધીમાં ઑર્ડર પૂરો કરશે.

www.crackgpsc.com

- 1 મે 2014ના દિવસે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ શ્રમિક દિવસ' મનાવવામાં આવ્યો. આ દિવસ મે દિવસ, મજૂર દિવસ વગેરે નામથી પણ ઓળખાય છે. ભારતમાં તેને પ્રથમ વખત 15 જૂન 1923ના દિવસે મનાવવામાં આવ્યો હતો.

2

- ઓસ્ટ્રેલિયાના પર્થમાં આયોજીત ઇન્ટરનેશનલ કોમનવેલ્થ ગેમ્સ 2014માં ભારતીય જીમ્નાસ્ટ ટીમે 7 પદક જીત્યા. આશિષ કુમારે 2 સ્વર્ણ, 2 રજત તથા દીપા કર્માકરે 1 સ્વર્ણ પદક જીત્યો.
- વૈજ્ઞાનિકોએ વિશ્વનું પ્રથમ સોલર જેટ ઈંધણ બનાવ્યું. જેને બનાવવામાં સૂર્યપ્રકાશ, પાણી અને કાર્બન ડાયોક્સાઈડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'સોલર જેટ' નામના પ્રોજેક્ટને યુરોપીયન સંઘ (EU) દ્વારા નાણાં પાયા હતાં. આ પ્રોજેક્ટના ભાગીદારોમાં જર્મન એરોસ્પેસ સેન્ટર (DLR), ETH ઝ્યુરિચ, બોહોસ લુફ્તાહર્ટ અને શેલનો સમાવેશ થાય છે.
- દિલ્હીમાં પત્રકાર બી.જી. વર્ગીસ ના પુસ્તક 'પોસ્ટ હેસ્ટ ક્વિંટેસેંશિયલ ઈન્ડિયા' નું લોકાર્પણ કરાયું. તેમાં ભારતનો સમૃદ્ધ વારસો, શ્રદ્ધાઓ, સ્વતંત્રતા સંગ્રામ, સંવિધાનની રચના અને ઐતિહાસિક ઘટનાઓનું નિરૂપણ ટપાલ ટિકિટના માધ્યમથી કરવામાં આવ્યું છે.
- સર્વોચ્ચ અદાલતે કાળા નાણાંની જાણકારી મેળવવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની રચના કરવાનો આદેશ આપ્યો. અધ્યક્ષ - ન્યાયમૂર્તિ એમ.બી. શાહ, ઉપાધ્યક્ષ - અરિજીત પસાયત.
- એફબીઆઈના શાર્પશૂટર વાલ્ટર આર. વાલ્સ નું નિધન થયું, જે દુનિયાના સૌથી મોટી ઉંમરના જીવીત ઓલમ્પિયન હતા.

3

- સંદીપકુમાર IAAF વિશ્વ રેસ વોકિંગ (પેદલ ચાલ) કપના પ્રથમ દેવસે 50 કિમી સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરી 23મા સ્થાન પર રહ્યા અને રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો. સંદીપે ત્રણ કલાક 56 મિનિટ 22 સેકંડથી બસંત બહાદુર રાણાનો છેલ્લો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો.
- સુરક્ષિત યૌન સંબંધને પ્રોત્સાહિત કરવા કેરળમાં આવેલી સરકારી ક્ષેત્રની HLL લાઈફકેર લિમિટેડ કંપનીએ દિલ્હીમાં મેટ્રો સ્ટેશન પર હેતુસર નિરોધ વેચાણ કરનાર મશીનો લગાવ્યા.

www.crackgpsc.com

- આજે વિશ્વ પ્રેસ ફ્રીડમ દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે વર્ષ 1993માં *વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ* જાહેર કર્યો હતો. ભારતમાં પ્રેસની સ્વતંત્રતા ભારતીય સંવિધાનની કલમ-19માં ભારતીયોને આપવામાં આવેલી અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળ અધિકારથી સુનિશ્ચિત થાય છે.
- રોનાલ્ડો એ બાયર્ન મ્યૂનિખની સામે રમાયેલી મેચમાં આ સિઝનનો 15મો અને 16મો ગોલ બનાવ્યો અને એક સિઝનમાં સૌથી વધુ ગોલ કરવા માટે લિયોનેલ મેસી અને જોસ અલ્તાફિનીનો રેકોર્ડ તોડ્યો.
- ફ્રાન્સની કંપની એરબસ એવા યાત્રી જેટ વિમાનોનું નિર્માણ કરશે જે હાઇબ્રીડ ઇલેક્ટ્રીક એન્જિનથી ચાલતા હશે. પ્રારૂપ વિમાનને ઇ ફેન કહેવામાં આવે છે. બે સીટવાળુ બે ઇલેક્ટ્રીક મોટાર્થી ચાલતું આ વિમાન 177 કિમી પ્રતિ કલાકની ઝડપથી લગભગ દોઢ કલાક સુધી ઊડી શકે છે.
- ઈજીપ્તની એક કોર્ટે સત્તાથી દૂર કરેલા ઈસ્લામિક રાષ્ટ્રપતિ મોહમ્મદ મુર્સી ના 102 સમર્થકોને હત્યા અને રમખાણો કરવાના આરોપમાં 10 વર્ષ જેલ અને 2 અન્યને 7 વર્ષ જેલની સજા કરવામાં આવી.
- અભિનેતા ફરહાન અખ્તર, અભિનેત્રી જુહી ચાવલા અનુક્રમે ફિલ્મ ‘ભાગ મિલ્ખા ભાગ’ અને ‘ગુલાબ ગેંગ’ માં શ્રેષ્ઠ અભિનય માટે દાદાસાહેબ ફાળકે એકેડમી એવોર્ડથી સન્માનીત. જાણીતા ગીતકાર અને ફિલ્મ નિર્દેશક ગુલઝાર ને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ 61મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારંભમાં પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનીત કર્યા.
- અમેરીકામાં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં આયોજિત સમારંભમાં ચાર ભારતીય વિદ્યાર્થીઓને ‘હાર્વર્ડ બિઝનેસ પુરસ્કાર’ થી સન્માનીત કરાયા. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમા MBA ની વિદ્યાર્થિની અમૃતા સૈગલ ને 18મા ‘હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ ન્યુ વેંચર કોમ્પિટિશન’ની સોશિયલ એન્ટરપ્રાઇઝ વર્ગમાં વિજેતા બની. અમૃતા સૈગલે પોતાના ઉપક્રમ ‘સાથી’ ની શરૂઆત એન્જિનિયર ક્રિસ્ટીન કાગેત્સુ સાથે કરી હતી. આ ઉપક્રમથી ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓને નકામા થયેલા કેળાના ઝાડના ફાઇબરનો ઉપયોગ કરી સેનિટરી પેડ આપવામાં આવે છે. ’બિઝનેસ ટ્રેક’ ક્ષેત્રમાં ભારતીય વિદ્યાર્થી સૌરભ મહાજન દ્વારા શરૂ કરેલા ઉપક્રમ ‘આલ્ફ્રેડ’ ને વિજેતા પસંદ કરવામાં આવ્યું. ‘સોશિયલ એન્ટરપ્રાઇઝ’ વર્ગમાં MBA ની વિદ્યાર્થિની મીરા મેહતા ને તેના ઉપક્રમ ‘ટોમેટો જોસ’ માટે વિજેતા જાહેર કરી. આ ઉપક્રમથી નાઇજિરિયાના નાના ખેડૂતોને ટમેટાની ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને આ ટમેટાનો ઉપયોગ વિવિધ ઉત્પાદનોમાં કરવામાં આવે છે. ‘બિઝનેસ વર્ગ’ માં MBA ના વિદ્યાર્થી પ્રીત કુમાર ના ઉપક્રમ ‘બુયા ફિટનેસ’ ને વિજેતા પસંદ કરવામાં આવ્યું. તે ફિટનેસ માટે વર્કઆઉટ વિડીયો પૂરા પાડે છે.

Must Visit www.crackgpsc.com

4

- ભારત 2011 સુધી જાપાનને પાછળ રાખી વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું. અમેરિકા સૌથી મોટી અર્થવ્યવસ્થા, ચીન બીજા સ્થાન પર. 2005માં ભારત 10મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી.
- મીડિયા પર દેખરેખ રાખવાવાળી આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ફ્રીડમ હાઉસે' 'મીડિયાની સ્વતંત્રતા' પર રજૂ કરેલ વિશ્વ રેન્કિંગમાં ભારત ને 78મું સ્થાન આપ્યું. રેન્કિંગમાં નેધરલેન્ડ, નોર્વે અને સ્વીડન ટોચ પર જ્યારે ઉત્તર કોરિયા સૌથી નીચેના સ્થાને છે.
- દેશના ટોચના નિશાનેબાજ માનવજીત સિંહ સંધૂ અમેરિકાના ટક્સનમાં ISSF વિશ્વ કપમાં ગોલ્ડ મેડલ જીતવાના કારણે વિશ્વ રેન્કિંગમાં ત્રીજા ક્રમે પહોંચી ગયા છે.
- એક સ્થાનિક આદિવાસી કલાકારના 100 ચિત્રોથી સુસજ્જ મરાઠા યોદ્ધા શિવાજી પર એક પુસ્તકનું લોકાર્પણ હાઉસ ઑફ કૉમન્સમાં કરવામાં આવ્યું. ઈતિહાસકાર બાબાસાહેબ પુરંદરે પુસ્તક – શિવાજી, ધ રીયલ હીરો, અ બ્રીફ ઇનસાઇટ ઇનટુ ધ લાઈફ ઑફ શિવાજી મહારાજ – ની એક નકલ ભારતીય મૂળના બ્રિટિશ લેબર સાંસદ કીથ વાઝને રજૂ કરી.
- કેન્દ્રિય નાણાં મંત્રી પી.ચિદમ્બરમે એશિયન ડેવલપમેન્ટ બેંકનાં સંસાધનો પર અસ્તાનામાં એશિયન ડેવલપમેન્ટ બેંકની 47મી વાર્ષિક સભા સંબોધી.
- કેઇર્ન ઈન્ડિયાના વચગાળાના CEO પી. ઇલાંગો એ કંપનીમાં રાજીનામું આપ્યું અને આ રીતે ઉત્ખનન કંપની વેદન્તા સર્વિસીઝ દ્વારા કંપનીને હસ્તગત કર્યા પછી કંપનીના ટોચના મેનેજમેન્ટના તમામ કામ પૂરા થઈ ગયા.
- અમેરિકાની એક કોર્ટે સેમસંગ ને એપલના બે પેટન્ટ ભંગ કરવાના મામલામાં 12 કરોડ ડૉલર ચૂકવવાનો આદેશ આપ્યો.

5

- ઓસ્ટ્રેલિયાની આસપાસ દરિયાના પાણીમાં જોવા મળતા કોરલ (પરવાળા) ની પ્રજાતિમાં મળી આવતા કેન્ડિરિન્સ નામના પ્રોટીનનો એક પ્રકાર HIV ને રોકવામાં અસરકારક જણાયો. આ અભ્યાસ નેશનલ કેન્સર ઇન્સ્ટીટ્યુટના બેરી ઓ કીફે ના નેતૃત્વમાં કરવામાં આવ્યો છે.
- અમેરિકન સેનેટે ભારતીય-અમેરિકન મનીષ શાહ ને ઇલિનોઈસ પ્રાંતના કેન્દ્રિય ન્યાયાધીશ બનાવવાની મંજૂરી આપી. આ રીતે શાહ અમેરિકાના 5મા સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યના પ્રથમ દક્ષિણ અમેરિકન કેન્દ્રિય ન્યાયાધીશ બનશે. સેનેટમાં 40 વર્ષના શાહના પક્ષમાં 95 જ્યારે વિપક્ષમાં એક પણ મત મળ્યો નથી.

www.crackgpsc.com

- સાનિયા મિર્ઝા અને કારા બ્લેક ની જોડીએ WTA પોર્ટુગલ ઓપન ટેનિસ મહિલા યુગલનો ખિતાબ જીત્યો. આ સિઝનમાં સાનિયા અને કારાની જોડીને આ પ્રથમ ખિતાબ મળ્યો.
- 'યુ.એસ. ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ' ના અહેવાલ પ્રમાણે લીડર્સ ઇન એનર્જી એન્ડ એન્વાયરમેંટલ ડિઝાઇન (LEED) માં ટોચના 10 દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમ પર છે. પ્રથમ ક્રમે કેનેડા જ્યારે બીજા ક્રમે ચીન છે.
- વેલ્થ-એક્સ રિપોર્ટ અનુસાર વિશ્વમાં બીજા દેશોની નાગરિકતા ધરાવતા સમૃદ્ધ લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે જેમાં એશિયાના બે મોટા દેશ ચીન અને ભારત આ દિશામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે.

6

- તુર્કી પત્રકાર અહમત સિકને 2014નો યુનેસ્કો ગુઈલેર્મો કાનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પુરસ્કાર એનાયત થયો. યુનેસ્કોના ડિરેક્ટર જનરલ ઇરિના બોકોવા છે.
- ભારત સરકારના બાયોટેક્નોલોજી વિભાગના સચિવ (DBT), ડૉ. કૃષ્ણાસ્વામી વિજય રાઘવનને અમેરિકાની નેશનલ એકેડેમી ઑફ સાયન્સ (USNAS) ના એક વિદેશી સહયોગી નીમવામાં આવ્યાં.
- સ્થાનિક સ્તરે મોબાઇલ ઉપકરણ બનાવતી કંપની લ્હામ મોબાઈલે વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટર ક્રિસ ગેલને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે.
- ઉત્તર પશ્ચિમ ચીનમાં હાઈસ્પીડ ટ્રેન માટે વિશ્વની સૌથી ઊંચી ટનલ બનાવવાની શરૂઆત કરી. આ ટનલ 3607.4 મીટર ઊંચાઈ પર સ્થિત છે. કુલ 16.3 કિલોમીટર લાંબી આ ટનલ ગાન્શુ અને ઝિન્જીયાંગ પ્રાંતને જોડે છે. આ ટનલ કિલિયન પર્વત પાસેથી પસાર થાય છે.
- ભારતે સ્વદેશી હવાથી હવામાં માર કરવામાં સક્ષમ અસ્ત્ર મિસાઈલનું લડાકુ વિમાન સુખોઈ 30 દ્વારા સફળ પરીક્ષણ કર્યું. આ મિસાઈલને DRDO (Defence Research & Development Organisation) એ તૈયાર કર્યું છે. હાલમાં DRDO ના પ્રમુખ અવિનાશ ચંદર છે.
- ભારતમાં રિન્યુએબલ ઉર્જા ચલાવવાવાળા અનિલ રાજવંશી યુનિવર્સિટી ઑફ ફ્લોરિડાના સર્વોચ્ચ પુરસ્કાર એલ્યુમનસ એવોર્ડથી સન્માનીત થયાં. તેમને આ સન્માન ગ્રામીણ ક્ષેત્રમાં તેમના અસાધારણ કાર્ય માટે આપવામાં આવ્યું. અમેરીકામાં ભારતીય એન્જિનિયર અનિલ રાજવંશી એલ્યુમનસ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.




www.crackgpsc.com

7

- સ્લોવેકિયાના ટેનિસ પુરુષ ખેલાડી માર્ટિન ક્લિજાએ ફાબિયો ફોગનીનીને હરાવીને મ્યુનિચ ATP ટેનિસ ટુર્નામેન્ટ 2014નો ખિતાબ જીત્યો.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) એ પાકિસ્તાન, કેમરૂન અને સીરિયા પર પોલિયો વાઇરસને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહેવાના કારણે આ દેશોના નાગરિકોના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો. આ દેશોના નાગરિકોને વિદેશ પ્રવાસ કરતાં પહેલાં પોલિયોની દવા પીવી પડશે.
- તાજ ગ્રુપ હોટેલે વૈશ્વિક સ્તરે પોતાની હોટેલોમાં સ્પા સેવા માટે ઉપયોગમાં લેવાતી ટ્રેડમાર્ક જીવા (JIVA) ની કાનૂની લડાઈ જીતી લીધી.
- બાગ્લાદેશની સુપ્રીમ કોર્ટે પબનામાં ભારતીય અભિનેત્રી સુચિત્રા સેનના પૈતૃક મકાનને જમાત-એ-ઇસ્લામી સમર્થક ગ્રુપ ને ખાલી કરવાનો આદેશ આપ્યો. આ મકાનમાં સંગ્રહાલય બનશે.
- લિબિયાના વચગાળાની સંસદના એક અવ્યવસ્થિત મતદાનના થોડા જ કલાક પછી પોતાના નવા ચૂંટાયેલા વડાપ્રધાન અહમદ મૈતીકને અમાન્ય જાહેર કર્યા.
- પનામાના ઉપરાષ્ટ્રપતિ, પનામિસ્તા પાર્ટીના ઉમેદવાર તેમજ વિપક્ષના નેતા જુઆન કાર્લોસ વારેલા પનામામાં થયેલા રાષ્ટ્રપતિ ચુંટણીમાં વિજયી થયા. તેમણે પનામાના પૂર્વ રાષ્ટ્રપતિ રિકાડરે માર્ટિનેલીના પ્રયત્નોને નિષ્ફળ કર્યા જેઓ પોતાની પસંદના ઉત્તરાધિકારી ચૂંટીને સત્તા પર પકડ રાખવા માંગતા હતા.

8

- યુનાઈટેડ નેશન્સ દ્વારા રજૂ કરેલ આંકડા મુજબ વિશ્વમાં 2014 ના અંત સુધી 3 અબજ ઇન્ટરનેટ વપરાશકર્તા હશે જેમાંથી બે તૃતીયાંશ વિકાસશીલ દેશોમાં હશે અને મોબાઈલ કનેક્શન વર્ષના અંત સુધી વધીને 7 અબજ થઈ જશે.
- ઈંગ્લેન્ડના માર્ક સેલ્બીએ રૉની ઓ સુલિવાનને હરાવી વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપ 2014નો ખિતાબ જીત્યો. વિશ્વ સ્નૂકર ચેમ્પિયનશિપ 2014નું આયોજન શેફિલ્ડ (બ્રિટન) માં કરાયું હતું.
- ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદીને રાજસ્થાન ક્રિકેટ એસોસિયેશન (RCA) ના નવા અધ્યક્ષ જાહેર કર્યા બાદ BCCI એ RCA ને સસ્પેન્ડ કરી દીધું.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ હમીદ અન્સારીએ પ્રખ્યાત સ્ટેમ્પ ડિઝાઇનર સી. આર. પકરાશિ દ્વારા લખાયેલા પુસ્તક 'અ સ્ટેમ્પ ઈઝ બોર્ન' નું લોકાર્પણ કર્યું. આ પુસ્તક પોસ્ટ સ્ટેમ્પના ઇતિહાસ અને વિકાસનાં શ્રેષ્ઠ ચિત્રોને રજૂ કરે છે. આ પુસ્તકમાં લેખકે 56 યાદગાર

ટીકીટ ડિઝાઇન કરી છે. પુસ્તકમાં લેખકે સ્ટેમ્પ નિર્માણની પ્રક્રિયા અને છાપવાની પ્રક્રિયાઓ સંબંધી અનુભવો લખ્યા છે.

- ભારત સહિત 11 દેશોના સંશોધકોના સમૂહે જર્મનીની GSI એસ્કેલેરેટર પ્રયોગશાળામાં તત્વ 117ના પરમાણુનું સર્જન કર્યું જે અત્યાર સુધીના અવલોકન કરેલા પરમાણુમાં સૌથી ભારે છે. આ સીસાના એક પરમાણુ કરતાં 40 ગણું વધારે વજનદાર છે. આ પ્રયોગ રસાયણશાસ્ત્રીઓ અને ભૌતિકશાસ્ત્રીઓની એક ટીમે કર્યો જેનું નેતૃત્વ ક્રિ સ્ટોફ ડલમાને કર્યું.
- પંજાબ સરકાર દ્વારા સંયુક્ત રીતે વિશ્વ કબડ્ડી લીગ લોન્ચ કરાઈ. વિશ્વની પ્રથમ કબડ્ડી લીગ ટુર્નામેંટનું આયોજન જૂનમાં ત્યાગરાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આયોજીત થશે. વિશ્વ કબડ્ડી લીગના અધ્યક્ષ તેમજ પંજાબના ઉપમુખ્યમંત્રી સુખબીર સિંહ બદલ અને ભૂતપૂર્વ ઓલમ્પિક ખેલાડી અને રમત વ્યવસ્થાપક પરગટ સિંહને વિશ્વ કબડ્ડી લીગની સમાચાર વેબસાઇટ શરૂ કરી. અત્યાર સુધી ભારત તમામ કબડ્ડી વિશ્વ કપ વિજેતા રહ્યું છે.

9

- ફાઇનાન્સિયલ ટેક્નોલોજીસ અને મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) ના પ્રણેતા જિગ્નેશ શાહ અને MCX ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીકાંત જાવલગેકરની 5600 કરોડ રૂપિયાના નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડ (NSEL) કૌભાંડ કેસમાં તેમની કથિત સંડોવણી માટે ધરપકડ કરવામાં આવી.
- ભારતીય અમેરિકન શેફ વિક્રમ સુંદરમ અને વિશ્વેષ ભટ્ટ જેમ્સ શેફ બિયર્ડ ખાદ્ય પુરસ્કારથી સન્માનિત. વિક્રમ સુંદરમને ‘બેસ્ટ શેફ ઇન મિડ-એટલાન્ટા’ પુરસ્કાર, વિશ્વેષ ભટ્ટને ‘બેસ્ટ શેફ ઇન સાઉથ’ નો પુરસ્કાર એનાયત થયો.
- અશોક એસ સેઠીને ટાટા પાવર કંપની લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નીમવામાં આવ્યા. ટાટા પાવર કંપની લિમિટેડ ખાનગી ક્ષેત્રે વીજળી ઉત્પાદન તેમજ વિતરણનું કાર્ય કરે છે.
- ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (ICC) દ્વારા રજૂ કરેલ ઇન્ટરનેશનલ ક્રિકેટ રેન્કિંગમાં ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી વન ડે ક્રિકેટમાં ટોચના ખેલાડી જાહેર.
- રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન વિરાટ કોહલી IPL 7માં સૌથી વધુ સર્ચ થયેલો ખેલાડી છે જ્યારે બીજા નંબર પર ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની છે.
- થાઈલેન્ડની એક કોર્ટે વડાપ્રધાન યિંગલક શીનાવાત્રાને સત્તાના દુરુપયોગના કેસમાં દોષિત જાહેર કરી પદ પરથી બરતરફ કર્યાં. કોર્ટે તેમને પોતાના પરિવારને લાભ આપવા માટે સત્તાનો દુરૂપયોગ કરવામાં દોષી ઠરાવ્યા. કોર્ટે કહ્યું કે થાવિલ પ્લેનસરીને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના મહાસચિવના પદથી ખસેડવામાં યિંગલકની ભૂમિકા હતી.



www.crackgpsc.com

- વેપાર તેમજ ઉદ્યોગ મંત્રાલય દ્વારા પ્રાયોજીત એક રિપોર્ટમાં ભૂમિ સંપાદનના ગુજરાત મોડલને સર્વોત્તમ બતાવ્યું છે. એમાં કહ્યું છે કે વેપારનું વાતાવરણ સુધારવા માટે અન્ય રાજ્ય પણ થોડા બદલાવ સાથે આને અનુસરી શકે છે.
- કેન્દ્ર સરકારે કર્મચારીઓના બાળકોના શિક્ષણ માટે આપવામાં આવતા ભથ્થાંની વાર્ષિક સીમા વધારીને દરેક બાળક પર 18000 રૂપિયા કરવામાં આવી છે. પહેલાં આ સીમા 15000 રૂપિયા હતી.
- સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશમાં જલ્લીકટ્ટુ અને બળદગાડા દોડના આયોજનમાં સાંઢના સમાવેશ પર પ્રતિબંધ લગાવ્યો.

10

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ભારતનું પ્રથમ સ્વદેશી પેમેન્ટ કાર્ડ 'રૂપે' રાષ્ટ્રને સમર્પિત કર્યું. NPCI (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા) દ્વારા વિકસાવાયેલ આ પેમેન્ટ પ્લેટફોર્મ વિશ્વનું સાતમું પેમેન્ટ ગેટવે છે. 'વિઝા' અને 'માસ્ટરકાર્ડ' ની જેમ હવે ચુકવણીનું કામ 'રુપે' દ્વારા કરવામાં આવશે. આનાથી ATM મશીનથી નાણાં કાઢવા અને દુકાનો તેમજ પેટ્રોલપંપ વગેરે પર કાર્ડથી ચુકવણી કરી શકાશે. આ સિવાય દેશની ઇ-કોમર્સ વેબસાઇટ પર આ કાર્ડ સ્વીકાર્ય હશે. આ કાર્ડનું એક સ્વરૂપ 'કિસાન કાર્ડ' અત્યારે બધી બેંકો દ્વારા જારી કરવામાં આવી રહ્યું છે. આ કાર્ડ બેંકિંગ ક્ષેત્રમાં ભારતની ક્ષમતા દર્શાવે છે. તેનાથી આંતરરાષ્ટ્રીય કાર્ડ પર નિર્ભરતા ઓછી થશે. આંતરરાષ્ટ્રીય સ્કીમની સરખામણીમાં બેન્કોએ રુપે સ્કીમ માટે 40 ટકા ઓછી ફી ચુકવવી પડશે. રુપે બ્રાન્ડેડ ડેબિટ કાર્ડ દેશભરમાં 91000 એટીએમ તેમજ 6 લાખથી વધારે પોઇન્ટ ઓફ સેલ્સ (પીઓએસ)માં સ્વીકારવામાં આવશે.
- દિલ્હી વિશ્વનું સૌથી પ્રદુષિત શહેર: WHO. 'એમ્બિયન્ટ એર પોલ્યુશન' રિપોર્ટમાં 2014માં 91 દેશનાં લગભગ 1600 શહેરમાં વાયુ પ્રદૂષણની સ્થિતિની વિગતો આપવામાં આવી છે.
- ઉત્તરાખંડમાં દુર્ગમ વિનાશ થવા છતાં પર્યટન વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન માટે અરેબિયન ટ્રાવેલ માર્કેટે ભારતને વર્ષ 2014ના ન્યુ ફ્રન્ટીયર્સ પુરસ્કારથી સન્માનિત કર્યું.
- નેધરલેન્ડની એક બિન-નફાકારક સંસ્થા 'માર્સ વને' 2024માં મંગળ ગ્રહની વનવે ટ્રીપની યોજના માટે 705 ઉમેદવારોમાં 44 ભારતીયોને પસંદગી કરી છે. તેમાં 17 મહિલાઓ પણ સમાવિષ્ટ છે. સંગઠનની યોજના 2025 થી મંગળ ગ્રહ પર એક વસાહત બનાવવાની છે. ઉમેદવારોના જ્ઞાન, બુદ્ધિ, અનુકૂલક્ષમતા, સમજદારી અને વ્યક્તિત્વનું પરીક્ષણ કરવામાં આવશે. માર્સની યોજના 2024માં મંગળ ગ્રહ પર ચાર કોલોની ઉતારવાની છે. મંગળ પર વસવાટ માટે બે લાખ લોકોએ અરજી કરી હતી.

www.crackgpsc.com

- ક્રેગ મેકમિલનને ન્યૂઝીલેન્ડના રાષ્ટ્રીય ક્રેકેટ ટીમના બેટ્સમેન કોચ નીમવામાં આવ્યા. ક્રેગ મેકમિલ બોબ કાર્ટરનું સ્થાન લેશે.
- પાકિસ્તાને ઓછા અંતરથી જમીનથી જમીન પર માર કરવાવાળી મિસાઇલ હત્ફ-3 (ગઝનવી) નું સફળ પરીક્ષણ કર્યું. આ મિસાઇલ 290 કિમી સુધી પરમાણુ અને પારંપારિક શસ્ત્ર લઈ જવા સક્ષમ છે. હત્ફ-3 ને ગઝનવી પણ કહેવામા આવે છે.
- ગ્લાસગોવ યુનિવર્સિટીના ઈલેક્ટ્રોનિક એન્ડ નેનો સ્કેલ એન્જીનિયરીંગ વિભાગના વરિષ્ઠ લેક્ચરર ભારતીય વૈજ્ઞાનિક રવિંદર દાહિયાને એન્જીનિયરીંગ ફેલોશિપ ફોર ગ્રોથ આપવામાં આવશે. આ ફેલોશિપ એન્જીનિયરીંગ એન્ડ ફિઝિકલ સાયન્સ રિસર્ચ કાઉન્સીલ (EPSRC) દ્વારા આપવામાં આવશે. નવી દિલ્હીના નેતાજી સુભાષ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી (NSIT) માં લેક્ચરર રહેલા દહિયાને આગામી પાંચ વર્ષ સુધી રોબોટિક્સ સ્ટીમ ક્ષેત્રમાં સંશોધન ચાલુ રાખવા માટે ફેલોશિપ આપવામાં આવશે.

11

- સ્માર્ટફોન કંપની બ્લેકબેરી કેનેડાની પોતાની સૌથી વધુ રિયલ એસ્ટેટ પરિસંપત્તિ રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ કંપની સ્પીયર સ્ટ્રીટને 27.8 કરોડ ડોલરમાં વેચશે. બ્લેકબેરીને એપલના IOS અને ગૂગલના એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ આધારિત સ્માર્ટફોનથી સખત પડકાર મળી રહ્યો છે.
- ભારતની અગ્રણી હોમિયોપેથિક ક્લિનિક શ્રેણી, ડૉક્ટર બત્રાઝ હેલ્થ કેરે વિદેશમાં ફેલાવો કરવાની પોતાની યોજના હેઠળ પશ્ચિમ એશિયા તેમજ બ્રિટનમાં પોતાની બીજી શાખાઓ ખોલવાનો નિર્ણય કર્યો છે. ડૉક્ટર બત્રાઝ હેલ્થ કેરના સ્થાપક અધ્યક્ષ મુકેશ બત્રા છે.
- ભારતે ચીનના સૌથી મોટા મહાનગર શાંઘાઇમાં ભારતીય કલાકારોના શાસ્ત્રીય નૃત્ય સાથે પોતાના સૌથી મોટા મહોત્સવ 'ગ્લિમ્પ્સેજ ઑફ ઈન્ડિયા' નું ઉદઘાટન કર્યુ જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલશે. ઈયર ઓફ ફ્રેન્ડલી એક્સચેન્જની છત્રછાયામાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવ તિબેટની પ્રાંતીય રાજધાની લ્હાસા સહિત ટોચના 12 શહેરોમાં આયોજિત કરવામાં આવશે.
- ઓનલાઈન ચૂકવણીથી જોડાયેલી કંપની પે-પાલના એક ભારતીય મૂળના એક્ઝિક્યુટિવ રાકેશ અગ્રવાલને સોશિયલ નેટવર્કિંગ સાઇટ ટ્વિટર પર વાંધાજનક સંદેશ મુકવાના કારણે કંપનીમાંથી બરતરફ કરવામાં આવ્યા.
- ઉત્તર ચીનના શાંક્સી પ્રાંતમાં મિંગ રાજવંશ કાળની બુદ્ધની 1000થી વધુ પ્રાચીન મૂર્તિઓ મળી છે. બુદ્ધની મૂર્તિઓ યાંગફૂ કાઉન્ટીમાં એક ટેકરા પર રહેલ પત્થરની એક ગુફામાં મળી.



www.crackgpsc.com

- ભારતની 54 કંપનીઓએ ફોર્બ્સની 2000 સૌથી મોટી અને શક્તિશાળી કંપનીઓની વાર્ષિક યાદીમાં સ્થાન મેળવ્યું. મુકેશ અંબાણીના નેતૃત્વવાળી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ભારતીય કંપનીઓમાં પ્રથમ ક્રમે છે. ચીનની 3 કંપનીઓએ આ યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. ફોર્બ્સની 'વૈશ્વિક 2000' યાદીમાં આવક, નફો, સંપત્તિ અને બજાર મૂલ્યાંકનના આધારે નક્કી કરેલી વિશ્વની સૌથી મોટી અને સૌથી શક્તિશાળી કંપનીઓનો સમાવેશ થાય છે. અમેરિકાએ આ યાદીમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. 2000 માંથી 564 કંપનીઓ ત્યાંની છે. અમેરિકા પછી જાપાનનું સ્થાન છે જ્યાં કુલ 225 કંપનીઓ છે. ચીનની સરકારી બેંક ICBC સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે છે.
- દિનેશ રામદિનને ડેરેન સૈમીની જગ્યાએ વેસ્ટ ઈન્ડિઝના નવા ટેસ્ટ કેપ્ટન નીમવામાં આવ્યા.
- આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તેમજ કોંગ્રેસ નેતા નેદુરુમલ્લી જનાર્દન રેડ્ડીનું અવસાન થયું.
- દિલ્હી યુનિવર્સિટીના એક પ્રોફેસર સાઈબાબાની માઓવાદીઓ સાથે સંબંધ માટે મહારાષ્ટ્ર પોલીસે ધરપકડ કરી. છેલ્લાં 6 માહિનામાં તેમની 4 વખતથી વધુ વાર પૂછપરછ કરવામાં આવી છે.
- આ વર્ષે માર્ચથી એક પણ આંતરરાષ્ટ્રીય રમત નહીં રમવાના કારણે ભારતીય ટીમ ફિફા રેંન્કિંગમાં 147મા ક્રમે. બ્રાઝિલ ચોથા સ્થાન પર જ્યારે સ્પેન સાથી યુરોપિયન દેશ જર્મની અને પોર્ટુગલ સાથે ટોચ પર છે.

12

- કપારો સમૂહના સ્થાપક તેમજ અપ્રવાસી ભારતીય લૉર્ડ સ્વરાજ પોલને બર્મિંગહામમાં એશિયન બિઝનેસ એવોર્ડ મિડલેન્ડસ 2014 થી સન્માનિત કરવામાં આવ્યા. અત્યારે કપારો બ્રિટનની સૌથી મોટી કૌટુંબિક બિઝનેસ કંપની છે.
- અર્ચના રામસુંદરમે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશનની પ્રથમ મહિલા અધિક નિયામકનું પદ સંભાળ્યું પરંતુ તમિલનાડુ સરકારે CBI માં જોડાતાં પહેલાં નિયમોનું પાલન ન કરવાનું કારણ આપીને તેમને સસ્પેન્ડ કરી દીધાં.
- યુનિવર્સિટી ઑફ ટેક્સાસ, અમેરીકાના વૈજ્ઞાનિકોએ સૂર્ય જેવો તારો 'HD 162826' શોધ્યો. આ તારો એવા જ પ્રકારના ગેસના વાદળ અને ધૂળના રજકણોથી બન્યો છે, જેનાથી સૂર્યનું નિર્માણ થયું છે. આ તારો સૂર્યથી 15% વધુ ભારે છે અને પૃથ્વીથી 110 પ્રકાશવર્ષ દૂર 'હર્ક્યુલસ' તારામંડળમાં આવેલો છે. તે નરી આંખે જોઈ શકાતો નથી, પરંતુ તેને ઓછા શક્તિશાળી દૂરબીનથી જોઈ શકાય છે. આ તેજસ્વી તારા 'વેગા' ની નજીક આવેલો છે.

- ડેરેન સેમીએ તેમના સ્થાને દિનેશ રામદિનને વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન નિમાયા પછી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. ઇન્ડિયન પ્રીમીયર લીગમાં રમી રહેલા સેમી 2010 થી વેસ્ટ ઈન્ડિઝની ટેસ્ટ ટીમના કેપ્ટન હતા.
- કતારની રાજધાની દોહામાં આયોજિત 'IAAF ડાયમંડ લીગ' 2014 માં ભારતીય ચક્ર ફેંક ખેલાડી વિકાસ ગૌડાએ સિલ્વર મેડલ જીત્યો.
- સુપ્રીમ કોર્ટે મુલ્લાપેરિયારને ભયજનક જણાવતા રાજ્ય સરકારના કાયદાને રદ્દ કરી ડેમનું જળ સ્તર વધારવાના તમિલનાડુના કદમને ન રોકવા જણાવી કેરલ સરકારને આદેશ આપ્યો કે તે કેરલ સિંચાઇ તેમજ જળ સંચય સંસોધન અધિનિયમ, 2006 લાગુ ન કરે.
- મહાભારતના એક મુખ્ય પાત્ર દુર્યોધનની 10મી સદીની એક મુર્તિ મૂળ દેશ કમ્બોડિયાને પાછી આપવામાં આવી છે, જ્યાંથી તેની ચોરી થઈ હતી.
- સોશિયલ નેટવર્કિંગ સાઇટ વર્લ્ડફ્લોટે ફેસબુકના યુવાન વપરાશકર્તાઓને પોતાની વેબસાઇટથી જોડાવા માટે મફત ફિલ્મ જોવાની નવી સુવિધા શરૂ કરી.
- કેન્દ્રિય પ્રવાસન મંત્રાલયે અતુલ્ય ભારતની સાથે મુસાફરીની યોજના માટે ટ્રિપિગેટર ડોટ કોમ નામની વેબસાઇટની શરૂઆત કરી.

13

- ભારતીય મૂળના અમેરિકન હ્રદય રોગ નિષ્ણાત મિતુલ કડાકિયાએ વર્ષ 2014 નો જ્યોર્જ બ્રેડન મેમોરિયલ ફેલો ઑફ ધ ઈયર પુરસ્કાર જીત્યો. તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર "સોસાયટી ફોર કાર્ડિયોવેસ્ક્યુલર એન્જીઓગ્રાફી એન્ડ ઇન્ટરવેશન્સ (SCAI)ફાઉન્ડેશન" તરફથી આપવામાં આવ્યો. કડાકિયા યુનિવર્સિટી ઑફ પેંસિલવેનિયા ખાતે એક હૉસ્પિટલમાં ઇન્ટરવેશનલ એન્જીઓગ્રાફીના ફેલો છે.
- વિશ્વ બેંકે બે ભારતીય કંપનીઓ- સેવિયર સોફ્ટ સોલ્યુશન્સ પ્રા. લિમિટેડ, નોએડા, ઉત્તરપ્રદેશ અને લક્ષ્મીનારાયણ કન્સ્ટ્રક્શન,કટક, ઓરિસ્સા પર પ્રતિબંધ મૂક્યો. બેંકનાં દિશા-સૂચનાઓમાં નિર્ધારિત કૌભાંડ અને ભ્રષ્ટાચાર નીતિ હેઠળ વિશ્વ બેંકે આ પ્રતિબંધ મૂક્યો છે.
- દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટમાં ભારતીય જીવવૈજ્ઞાનિકોએ 'ડાન્સિંગ ફ્રોગ' ની 14 નવી પ્રજાતિઓની શોધ કરી. ભારતીય 'ડાન્સિંગ ફ્રોગ' વૈજ્ઞાનિક ભાષામાં મિક્રિક્સાલિડે તરીકે ઓળખાય છે. 'ડાન્સિંગ ફ્રોગ' ની અન્ય પ્રજાતિઓ મધ્ય અમેરિકા અને દ. પૂર્વ એશિયામાં મળી આવે છે. ભારતીય 'ડાન્સિંગ ફ્રોગ' પરિવાર 85 કરોડ વર્ષ પહેલાં વિકસિત થયો હતો. આ પ્રજાતિમાં ડાન્સ માત્ર નર દ્વારા કરવામાં આવે છે જે પ્રજનન માટે કરેલા અનોખા વર્તનનો ભાગ છે જેને 'ફૂટ ફ્લેગિંગ' કહેવામા આવે છે. ફૂટ ફ્લેગિંગમાં નર દેડકો પોતાના પગ ખેંચી ઝાટકે છે અને આ પ્રવૃત્તિ માદાનું ધ્યાન આકર્ષિત કરવા માટે કરવામાં આવે છે.

www.crackgpsc.com

- મરચાંમાં જંતુનાશક તત્વોની હાજરી વધારે હોવાના કારણે સાઉદી અરેબિયાએ ભારતીય મરચાંની આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. સાઉદી અરેબિયા ભારતથી તાજા શાકભાજીનું પાંચમું સૌથી મોટું આયાતકાર છે.
- ઇંગ્લેન્ડના રોની ઓ સુલિવાન (Ronnie O'Sullivan) ને વર્ષનો વિશ્વ સ્નૂકર ખેલાડીનો પુરસ્કાર આપવામાં આવ્યો. આ સિવાય તેમને વર્ષનો ફેન્સ પ્લેયર ઑફ ધ યર પુરસ્કાર પણ આપવામાં આવ્યો.
- ચીની વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે તેમણે માનવ રક્તમાં તે પ્રોટીનને શોધી કાઢ્યું છે જે H7N9 નો નાશ કરવામાં ઉપયોગી થઈ શકે છે. H7N9 થી પીડાતા લોકોમાં એંગ્યોટેનિઝ્મ-2નો વધારો થઈ જાય છે જે તેમના કથળતા આરોગ્યની સચોટ માહિતી આપવામાં ઉપયોગી થશે. એંગ્યોટેનિઝ્મ-2 માણસના શરીરમાં મળતું એક પ્રકારનું પ્રોટીન છે જે હૃદય, કિડની વગેરેમાં રક્તપ્રવાહ અને બ્લડપ્રેશરને નિયંત્રિત કરવાનું કામ કરે છે.
- ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ બેઇજિંગની નજીકના વાયુ લશ્કરી અડ્ડાની રક્ષા કરવામાં મદદ માટે વાંદરાઓના એક દળને તાલીમ આપી છે. આ તાલીમ પામેલા વાંદરા ફ્લાઇટ્સ માટે ભયજનક સાબિત થઈ રહેલા પક્ષીઓના સમુહનું ધ્યાન રાખશે.
- કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં વાલ્વના ગરમ પાણીના પ્રવાહથી છ કર્મચારીઓને ઇજા થઈ. જ્યારે નુકસાન પામેલા ટર્બાઇનને રિપેરિંગ માટે બહાર લઈ જતા હતા ત્યારે આ બનાવ બન્યો. કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ એક પરમાણુ વીજ ઉત્પાદન મથક છે જે ભારતના તમિલનાડુ રાજ્યના તિરુનેલવેલી જીલ્લામાં આવેલું છે.

14

- બ્રિટનના સૌથી ધનિક વ્યક્તિઓની સંડે ટાઈમ્સની વાર્ષિક યાદી અનુસાર, ભારતમાં જન્મેલા હિંદુજા બંધુ બ્રિટનના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. યાદીમાં લોર્ડ સ્વરાજ પોલ તેમજ ભારતીય મૂળના અન્ય ઉદ્યોગપતિઓ સહિત 102 અબજપતિઓનો સમાવેશ થયો છે. હિંદુજા બંધુઓએ લક્ષ્મી મિત્તલ અને રશિયન ઉદ્યોગપતિ અલિશર ઉસ્માનોવને પાછળ રાખી દીધા છે. તે ગયા વર્ષે યાદીમાં ત્રીજા ક્રમે હતા અને આ વર્ષે પ્રથમ સ્થાને પહોંચી ગયા છે.
- અમેરિકાની વિવિધ યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓમાં હાલ 113813 ભારતીય વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. અમેરિકામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાની દ્રષ્ટિએ ભારત બીજા ક્રમે છે. ચીન પ્રથમ સ્થાને છે.
- બ્રાઝિલમાં 12 જૂન થી 13 જુલાઇ સુધી રમાનારી ફૂટબોલ વિશ્વ કપ માટે નવી દિલ્હી, મુંબઈ અને બેંગલુરુથી છ ભારતીય બાળકોની પસંદગી કરવામાં આવી છે, જે ત્યાં ધ્વજવાહક બનશે.

www.crackgpsc.com

- ચીનના હવામાન ઉપગ્રહ 'ફેંગયુન-ત્રીજા' દ્વારા પૃથ્વીના ફોટાને ત્રણ પરિમાણોમાં જોઈ શકાશે. આ ઉપગ્રહ એક એવું અવલોકન નેટવર્ક તૈયાર કરશે જેનાથી પૃથ્વીનાં ત્રણ પરિમાણ, મલ્ટી-સ્પેક્ટ્રમ અને રિમોટ સેન્સિંગ અવલોકન સતત બનાવી રાખવામાં મદદ મળશે. આ ઉપગ્રહ વૈશ્વિક પર્યાવરણ, આપત્તિ અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પહેલાં કરતાં વધુ સારી માહિતી પૂરી પાડશે.
- ડાયનાસોર હજુ લુપ્ત થયા નથી. આ પૃથ્વી પર તેમની લગભગ 10000 પ્રજાતિઓ આજે પણ ફરી રહી છે, તે પણ પક્ષીઓ સ્વરૂપે. એક રસપ્રદ સંશોધન અનુસાર તે સમયના ડાયનાસોરની ઘણી પ્રજાતિઓ બદલાતી આબોહવા, સમય અને તેમાં પોતાની દક્ષતાને હાંસલ કરીને પોતાના શરીરને સંકોચી લીધું. આજે તે આપણી વચ્ચે પક્ષીઓ સ્વરૂપે રહે છે.
- કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં વાલ્વના ગરમ પાણીના પ્રવાહથી છ કર્મચારીઓને ઇજા થઈ. જ્યારે નુકસાન પામેલા ટર્બાઇનને રિપેરિંગ માટે બહાર લઈ જતા હતા ત્યારે આ બનાવ બન્યો. કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ એક પરમાણુ વીજ ઉત્પાદન મથક છે જે ભારતના તમિલનાડુ રાજ્યના તિરુનેલવેલી જીલ્લામાં આવેલું છે.

15

- એમ્પાયર સંજય હજારેને દિલ્હી ડેરડેવિલ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની રમત દરમિયાન ભૂલ કરવા માટે ઇન્ડિયન પ્રીમીયર લીગ સમિતિથી હટાવવામાં આવ્યા. હજારેએ વિવાદાસ્પદ નિર્ણય લેતાં દિલ્હીના કેપ્ટન કેવિન પીટરસન સામે રાજસ્થાન રોયલ્સના ખેલાડીની રન આઉટ અપીલ થર્ડ એમ્પાયરની મદદ લીધા વિના નકારી કાઢી હતી જયારે ટીવી રિપ્લેમાં દેખાડવામાં આવ્યુ કે ઇંગ્લેન્ડનો બેટ્સમેન ક્રિઝની બહાર હતો.
- ઇન્ડસર ગ્રુપે બ્રિટનની અગ્રણી થર્મલ એન્જીનિયરીંગ કંપની CDA કન્ટ્રેકટ લિમિટેડનું અધિગ્રહણ કરવાની ઘોષણા કરી. ઇન્ડસર ગ્રુપ તેમજ ઇન્ડસર નેવરોનના નિયામક અંકુર લોઢા છે.
- સ્પેનના રાફેલ નડાલે જાપાનના કેઇ નિશિકોરીને હરાવી મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-2014 નો પુરૂષ એકલનો ખિતાબ જીત્યો. રાફેલ નડાલ આ જીત સાથે જ મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં ચાર ખિતાબ જીતવાવાળા પ્રથમ ખિલાડી બની ગયા. આ સિઝનમાં રાફેલ નડાલની આ 30મી જીત છે.
- સિમોના હેલિપને હરાવી રશિયન ટેનિસ ખેલાડી મારિયા શારાપોવાએ 'મુટુઆ મેડ્રિડ ઓપન' નો ખિતાબ જીત્યો. આ તેમનો પ્રથમ મેડ્રિડ ઓપન ખિતાબ હતો. આ જીત સાથે મારિયા શારાપોવાએ પોતાનો 31મો કારકિર્દી ખિતાબ જીત્યો.

**પુરૂષ યુગલ**

મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-2014 ના પુરૂષ યુગલનો ખિતાબ કેનેડાના ડેનિયલ નેસ્ટર (Daniel Nestor) અને સર્બિયાના નેનાદ જીમોન્જિક (Nenad Zimonjic) ની જોડીએ યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકાના બોબ બ્રાયન તેમજ માઇક બ્રાયનની જોડીને હરાવીને જીત્યો.

**મહિલા યુગલ**

મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-2014 ના મહિલા યુગલનો ખિતાબ ઇટાલીની સારા ઈરાની અને રોબર્ટા વિન્કીની જોડીએ સ્પેનની ગાર્બિન મુગુરૂઝા (Garbiñe Muguruza) અને કાર્લા સુઆરેઝ નવારો ની જોડીને જોડીને હરાવીને જીત્યો.

- સિરિયામાં સંયુક્ત રાષ્ટ્રના શાંતિદૂત લખદર બ્રાહિમીએ સાર્થક મંત્રણા શરૂ કરવામાં નિષ્ફળતા મેળવ્યા પછી રાજીનામું આપ્યું. આ દરમિયાન ફ્રાન્સે દમિશ્ક પર રાસાયણિક હથિયારોનો ઉપયોગ ચાલુ રાખવાનો આરોપ લગાવ્યો છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ન માત્ર વિશ્વના ધનાઢ્ય વ્યક્તિઓમાં અગ્રણી છે પરંતુ તેમનું મુંબઈમાં આવેલું ગગનચુંબી 'એન્ટીલિયા' પણ વિશ્વના અબજોપતિઓમાં સૌથી મોંઘું મકાન છે.

16

- નાસાના વૈજ્ઞાનિકોએ પ્રથમ વખત અંતરિક્ષમાં મળી આવતી એવી ધૂળની રાજકણોનું નિર્માણ પ્રયોગશાળામાં કર્યું છે જે ઘણીવાર વિશાળ લાલ તારાની ચારે બાજુ ફર્યા કરતી અને જમા થતી જોવા મળે છે. કોઈ પણ ગ્રહના નિર્માણમાં આ ધૂળની રાજકણો ઘણો અગત્યનો ભાગ ભજવે છે.
- એરબસ દ્વારા બનાવેલ વિશ્વના પ્રથમ સંપૂર્ણ વીજળીથી ચાલતા વિમાન 'ઈ ફ્રેને' સફળતાપૂર્વક ઉડાન ભરી. આ વિમાનથી હવાઈ મુસાફરીનો ખર્ચ એક તૃતીયાંશ કરતાં વધુ ઘટી શકે છે. ઈ ફ્રેનની લંબાઈ 19 ફૂટથી થોડી વધારે છે અને તેનાથી એક હેર ડ્રાયર કરતાં થોડો જ વધુ અવાજ થાય છે. રિચાર્જ વિના આ વિમાન લગભગ એક કલાક સુધી ઊડી શકે છે.
- સરકારમાં ભ્રષ્ટાચાર કે સરકારી અધિકારીઓના દુરુપયોગને ખુલ્લા પાડતા લોકો હવે કોઈ પણ પ્રકારની સતામણીથી ભય વિના રહી શકે છે. ભ્રષ્ટાચાર ખુલ્લો પાડતા લોકો એટલે 'વ્હિસલબ્લોઅર' ની ઓળખાણ ખાનગી રાખવાથી જોડાયેલ જોગવાઈવાળા વ્હિસલબ્લોઅર સંરક્ષણ અધિનિયમ, 2011 ને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મંજૂરી આપી.

Must Visit www.crackgpsc.com

- મણિપુરે ગત ચેમ્પિયન ઓરિસ્સાને હરાવીને 20મી સિનિયર રાષ્ટ્રીય મહિલા ફૂટબોલ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો. આ મણિપુરનો 17મો રાષ્ટ્રીય ખિતાબ છે. મણિપુર ટીમની ખેલાડી બાલા દેવીને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવી.
- લોકસભા ચુંટણીમાં 66.38% મતદાન સાથે ભારતે બનાવ્યો નવો રેકોર્ડ. આની પહેલાં આ રેકોર્ડ વર્ષ 1984-85 માં થયેલી લોકસભા ચૂંટણીના નામે હતો, ત્યારે 64.01% મતદાન થયું હતું.
- બ્રિટિશ યુનિવર્સિટીઓની 'કમ્પ્લીટ યુનિવર્સિટી ગાઈડ 2015' રેન્કિંગમાં બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટી સતત ચોથા વર્ષે દેશની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી જાહેર. ઓક્સફર્ડ યુનિવર્સિટી બીજા ક્રમે.
- ભારતની અગ્રણી દવા કંપની સિપ્લાએ અમેરિકન ફાર્માસ્યુટિકલ કંપની ચેઝમાં અલ્ઝાઇમરની દવા બનાવવા માટે રોકાણ કરવાની ઘોષણા કરી. 21 મિલિયન અમેરિકન ડૉલરનું રોકાણ સિપ્લાની સંપૂર્ણ માલિકીની પેટા કંપની સિપ્લા (EU) લિમિટેડ દ્વારા કરવામાં આવશે. સિપ્લા ચેઝ ફાર્માસ્યુટિકલમાં 14.6% ની ભાગીદારી ખરીદશે.

17

- બે ભારતીય અમેરિકન મંજૂષા પી. કુલકર્ણી અને રંજના પેંટલને વ્હાઇટ હાઉસ દ્વારા 'ચેમ્પિયન્સ ઑફ ચેન્જ' માટે પસંદ કરવામાં આવ્યા.
- ગુજરાતનાં રમખાણોથી જોડાયેલા માનવ અધિકાર કાર્યકર્તા અને એડવોકેટ મુકુલ સિન્હાનું અવસાન થયું. મુકુલ સિન્હાએ ઇશરત જહાં, તુલસીરામ પ્રજાપતિ, સોહરાબુદ્દીન અને સાદિક જમાલ એન્કાઉન્ટર કેસમાં તપાસ માટે પીડિત પક્ષ તરફથી વકીલાત કરી હતી. મુકુલ સિન્હાએ વર્ષ 2002 માં 'જનસંઘર્ષ મંચ' અને 'ગુજરાત ટ્રેડ યુનિયન ફેડરેશન' ના નેતૃત્વમાં ગુજરાતમાં 'ન્યુ શોસ્યલીસ્ટ મુવમેન્ટ' ના નામથી એક રાજનૈતિક પાર્ટીની સ્થાપના કરી.
- શાકભાજી, ફળો અને દૂધના ભાવ વધવાથી રિટેલ ફુગાવો એપ્રિલમાં વધીને ત્રણ મહિનાના ઊંચા સ્તર 8.59% પર પહોંચી ગયો. માર્ચમાં રિટેલ ફુગાવો 8.31% હતો. ઔદ્યોગિક ઉત્પાદનમાં માર્ચ મહિનામાં 0.5% ઘટાડો થયો.
- વર્તમાન લોકસભા ચૂંટણી અત્યાર સુધીની સૌથી ખર્ચાળ ચૂંટણી સાબિત થઈ છે જેમાં સરકારે 3426 કરોડ રૂપિયા ખર્ચ કર્યાં છે. 2009 ની લોકસભા ચુંટણીમાં ખર્ચ કરેલી રકમ કરતાં 131% વધારે રૂપિયા વર્તમાન લોકસભા ચુંટણીમાં વપરાયા છે.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. હામીદ અન્સારીએ પુસ્તક 'હાઉ નેબર્સ કન્વર્જ, ધ પોલિટિક્સ એન્ડ ઇકોનોમિક્સ ઑફ રિજીનેલિઝ્મ' (How Neighbours Converge, The Politics

and Economics of Regionalism) નું વિમોચન કર્યું. આ પુસ્તક અફઘાનિસ્તાનમાં ભારતીય રાજદૂત આઈ.પી. ખોસલા (I. P. Khosla) દ્વારા લખાયેલ છે.

- કેન્દ્રિય મંત્રી ફારૂક અબ્દુલ્લાને કેટલાક અસંતુષ્ટ સભ્યોના વોકઆઉટ વચ્ચે જમ્મુ કાશ્મીર ક્રિકેટ સંઘના પ્રમુખ પસંદ કરાયા છે. અબ્દુલ્લા ત્રણ વર્ષ સુધી હોદ્દો સંભાળશે.
- જેડી-યુ ના નબળા દેખાવની નૈતિક જવાબદારી લેતા જનતા દળ યુનાઈટેડ (જેડી-યુ) ના નેતા તેમજ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પોતાના પદેથી રાજીનામું આપ્યું.
- દુરસંચાર કંપની ભારતી એરટેલે શ્રીકાંત કારાને માનવ સંસાધન નિર્દેશક તરીકે નિમણૂક કર્યાં. તે ભારત અને દક્ષિણ એશિયાની કામગીરીનું ધ્યાન રાખશે.
- સુપ્રીમ કોર્ટમાં સહારા ગ્રુપના કેસમાં ન્યાયાધીશ જે. એસ. ખેહરે પોતે જ આ કેસની સુનાવણીથી પીછેહઠ કરી જેના પછી એક નવી બેન્ચ બનાવવામાં આવી.
- કેન્દ્ર સરકારે હરાજી દ્વારા અન્ય કોલસા ખંડોને ઓળખવા માટે કોલસા મંત્રાલયના અધિક સચિવની આગેવાનીમાં 9 સભ્યોની સમિતિની રચના કરી.
- રાજયમાં IT હબ વિકસાવવા અને અમેરિકન રોકાણકારોને આકર્ષવા માટે ઓરિસ્સાની સરકારે TIE સિલિકોન વેલી સાથે કરાર કર્યાં. આ કરાર સાથે જ ઓરિસ્સા આ રીતે કરાર કરવાવાળું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
  - TIE ઔદ્યોગિક સાહસિકો અને વ્યવસાયિકોનું એક બિન-નફાકરક ગ્લોબલ નેટવર્ક છે જેની સ્થાપના અમેરિકાના કેલિફોર્નિયાના સિલિકોન વેલીમાં 1992માં થઈ હતી. TIE નો અર્થ છે પ્રતિભા (ટેલેન્ટ), વિચાર (આઇડિયા) અને ઉદ્યોગ (એન્ટરપ્રાઇઝ). આ વિશ્વના 17 દેશોમાં હાજર છે અને તેનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકોમાં ઇકો સિસ્ટમ વિકસાવવાનો છે અને દરેક જગ્યાએ અર્થવ્યવસ્થા માટે મુક્ત બજાર ઉપલબ્ધ કરાવવાનું છે.
- મોબાઈલ હેન્ડસેટ ઉત્પાદક નોકિયાના શ્રીપેરંબુદૂર પ્લાન્ટના 6600 માંથી 5000 કાયમી કર્મચારીઓએ સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના (Voluntary Retirement Scheme) નો વિકલ્પ પસંદ કર્યો.




www.crackgpsc.com

18

- સંરક્ષણ મંત્રાલયે આર્મીના ડેપ્યુટી ચીફ લેફ્ટીનેન્ટ જનરલ દલવીર સુહાગના નામની ટોચની લશ્કરી પોસ્ટ માટે ભલામણ કરી હતી, જેને વડાપ્રધાન મનમોહન સિંહના નેતૃત્વવાળી કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) એ મંજૂરી આપી છે. તે જનરલ સિંહનું સ્થાન લેશે, જે 31 જુલાઇએ નિવૃત્ત થશે.
- 18 મે : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ. આ 37મો આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ હતો. આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ 2014 નો મુખ્ય વિષય - 'સંગ્રહાલયના સંગ્રહ સંબંધ બનાવે છે'.
- ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ 15મી લોકસભાનું વિસર્જન કર્યું. 17 મે 2014 ના દિવસે વડાપ્રધાન મનમોહન સિંહે રાજીનામું આપ્યુ તે પછી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ધ આઉટગોઇંગ યુનિયન કેબિનેટની આગેવાનીમાં લોકસભાનું વિસર્જન કર્યું. ભારતના રાષ્ટ્રપતિ પાસે બંધારણની કલમ 85(2) (બી) મુજબ લોકસભા વિસર્જનની સત્તા છે.
- અમેરિકન એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન (EIA) ના અહેવાલમાં અંદાજ લગાવાયો છે કે જાપાનને પાછળ રાખી 2025 સુધી ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ ઉપભોક્તા બનશે. માત્ર અમેરિકા અને ચીન જ ભારતથી આગળ હશે. વર્તમાન સમયમાં તેલ વપરાશની બાબતમાં ભારત અમેરિકા, ચીન અને જાપાન પછી ચોથા ક્રમે છે.
- લીગ વન ચેમ્પિયન પેરિસ સેંટ જર્મનના જ્લાટન ઇબ્રાહિમોવિચ સતત બીજી સિઝનમાં ફ્રાન્સના સર્વશ્રેષ્ઠ ફૂટબોલર બન્યા. સ્વીડનના આ સ્ટ્રાઈકરે આ વર્ષે 25 ગોલ કર્યાં. તેમણે અત્યાર સુધી બધી ટુર્નામેન્ટમાં મળીને કુલ 40 ગોલ કર્યા છે.
- હિન્દુકુશ હિમાલય પ્રદેશમાં આબોહવા પરિવર્તનના કારણે થઈ રહેલા અકસ્માત અને તેને નિવારવાની રીતોની ચર્ચા કરવા માટે ભારત સહિત 16 દેશોના પ્રતિનિધિઓએ કાઠમંડુમાં આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લીધો.
- પાકિસ્તાનમાં કામ કરતા PTI ના બે ભારતીય પત્રકારો સ્નેહેશ એલેક્સ ફિલિપ અને ધ હિન્દુની મીના મેનનને કારણ બતાવ્યા વિના પાકિસ્તાન સરકારે કાઢી મુક્યા.
- ભારતીય મહિલા બેંક (BMB) કન્યાઓ માટે 'નન્હી કલી' રિકરિંગ ડિપોઝિટ યોજના શરૂ કરી. આ યોજના 13 વર્ષ સુધીની કન્યાઓ માટે ખાસ શરૂ કરાઈ છે. આ યોજના અંતર્ગત રિકરિંગ ડિપોઝિટ ખાતુ ઓછામાં ઓછા 50 રૂપિયાના માસિક હપ્તાથી ખોલી શકાય છે. BMB એ 'નન્હી કલી' રિકરિંગ ડિપોઝિટ યોજનાનો લઘુત્તમ સમયગાળો ત્રણ વર્ષ અને મહત્તમ સમયગાળો દસ વર્ષ નક્કી કર્યો છે. ભારતીય મહિલા બેંક (BMB) ભારતની પ્રથમ મહિલા બેંક છે.

www.crackgpsc.com

- અમુક ખગોળશાસ્ત્રીઓએ 'ઇલસ્ટ્રિસ' (Illustris) નામનું એક એવું કાલ્પનિક બ્રહ્માંડ બનાવ્યું છે, જેમાં મુસાફરી કરીને બ્રહ્માંડના સર્જનથી લઈને અત્યાર સુધીના સફરનો આનંદ મેળવી શકાશે. 13 અબજ વર્ષના વિકાસની વાર્તા કહેવાવાળા 'ઇલસ્ટ્રિસ' માં મુસાફરી દરમિયાન તમે પોતાની મરજીથી સમયમાં આગળ કે પાછળ પણ જઇ શકો છો અને તમામ આકાશગંગાઓની મુલાકાત લઈ શકો છો. ઇલસ્ટ્રિસ એક સુપર કમ્પ્યુટર પ્રોગ્રામ મારફતે કામ કરે છે, જેમાં 3D ટેક્નોલૉજીથી અવકાશના વિકાસની વાર્તા બતાવવામાં આવી છે. તેમાં મુસાફરી દરમિયાન એવો અનુભવ થાય છે કે તમે ખરેખર કોઈ બીજા સમયગાળામાં આવી ગયા છો અને તેની સાથે મુસાફરી કરી રહ્યા છો. કમ્પ્યુટરના આ પ્રોગ્રામમાં 8000 CPU (સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ) એક સાથે કામ કરે છે. જો એક સામાન્ય CPU ને આ પ્રોગ્રામની ગણતરીમાં લેવામાં આવે, તો તેને 2000 વર્ષથી વધારે સમય લાગી શકે છે. કોઈ ટાઈમ મશીનની જેમ આ કમ્પ્યુટરથી અવકાશ યાત્રા 'બિગબેંગ' ના 12 કરોડ વર્ષ પછી શરૂ થાય છે અને વર્તમાન સમય સુધી પહોંચે છે. આ દરમિયાન આકાશગંગા અને બીજા કોઈ તારાસમૂહની યાત્રા પણ થઈ શકે છે.
- ઇઝરાયલના ભૂતપૂર્વ વડાપ્રધાન એહુદ ઓલમર્ટને ભ્રષ્ટાચારના આરોપસર તેલ અવિવ જિલ્લા કોર્ટે રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં તેમની સંડોવણી માટે છ વર્ષની જેલની સજા કરી.
- પ્રિયા સોમૈયા દ્વારા નિર્દેશિત 'સાઈલેંટ સ્ક્રીમ્સ-ઇન્ડિયાઝ ફાઇટ અગેન્સ્ટ રેપ' (Silent Screams - India's Fight Against Rape) ડોક્યુમેન્ટરી ફિલ્મે ન્યુયોર્ક ફેસ્ટિવલ ઇન્ટરનેશનલ ટીવી એન્ડ ફિલ્મ એવોર્ડ્ઝ 2014 (New York Festivals International TV and Film Awards 2014) માં ત્રણ પુરસ્કાર જીત્યા. (1) 'બેસ્ટ ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટ' માટે ગોલ્ડ વર્લ્ડ મેડલ (2) કરન્ટ અફેર્સ માટે બ્રોન્ઝ મેડલ અને (3) હ્યુમેનિટેરિયન અફેર્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ. આ ફિલ્મ ભારતમાં રેપ પર રાજકારણના વિષય પર છે અને તેને માનીરા એ. પિટોએ લખી છે. આ ડોક્યુમેન્ટરી ફિલ્મ 23 વર્ષની પેરામેડિકલની વિદ્યાર્થીની નિર્ભયા પર 16 ડિસેમ્બર, 2012 ના દિવસે થયેલા દિલ્હી ગેંગ રેપની વાર્તા કહે છે.
- રિઝર્વ બેંકની એક્સિસ બેંકના ભૂતપૂર્વ ચેરમેન પી.જે. નાયકના નેતૃત્વવાળી સમિતિએ કહ્યું કે સરકારને સાર્વજનિક ક્ષેત્રની બેંકોમાં પોતાનો ભાગ ઘટાડીને 50% થી ઓછો કરવો જોઈએ. સમિતિએ આ બેંકોની વર્તમાન સંચાલનની પદ્ધતિઓની આલોચના કરી.
- પ્રધાનમંત્રીના ભૂતપૂર્વ મીડિયા સલાહકાર અને એક ઉચ્ચ અધિકારી પછી હવે આયોજન પંચના સભ્ય અરુણ માયરાના નવા પુસ્તક 'રિડિઝાઇનિંગ ધ પ્લેન હવાઈલ ફ્લાઇંગ. રિફાર્મિંગ ઈન્સ્ટિટ્યૂશન્સ' માં જણાવ્યું છે કે યુનાઇટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (UPA) સરકારમાં તમામ નિમણૂકો તેમજ નીતિઓમાં સોનિયા ગાંધી હસ્તક્ષેપ કરતાં હતાં.

19

- બુડાપેસ્ટના એક ટેક્સટાઇલ ડિઝાઇનરે એક એવું કાપડ બનાવવાનો દાવો કર્યો છે કે જે રંગ બદલશે. જ્યુડિટ એસ્ટર કારપેટીના નેતૃત્વવાળા આ પ્રોજેક્ટ હેઠળ, કાપડમાં અવાજ અને સેન્સર લગાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટમાં 12 વૉલ્ટ પુરવઠા સાથે એક આર્ડુઈનો અને ચાર ઇન્ડસ્ટ્રીયલ 24 વૉલ્ટ ડીસી વીજ પુરવઠો નિયંત્રણ કરવાવાળું 20 કસ્ટમ પ્રિન્ટેડ સર્કિટ બૉર્ડ છે જે નિક્રોમ વાયરવાળા બે ગૂંથેલા કાપડને ગરમ કરે છે.
- ભારત સરકારે વિશ્વના સૌથી ઘાતક આતંકવાદી સંગઠનોમાંના એક લિબરેશન ટાઈગર્સ ઑફ તમિલ ઇલમ (LTTE) પર પ્રતિબંધનો સમયગાળો વધારવાનો નિર્ણય કર્યો. શ્રીલંકાએ LTTE ને 2009 માં નાબૂદ કર્યુ હતું. આની સ્થાપના વર્ષ 1975 માં વેલુપિલ્લઈ પ્રભાકરને શ્રીલંકામાં 'તમિલ અલગાવવાદી' સંગઠન તરીકે કરી હતી. તેની પર ભૂતપૂર્વ ભારતીય વડાપ્રધાન રાજીવ ગાંધી (1991) અને ભૂતપૂર્વ શ્રીલંકાના રાષ્ટ્રપતિ પ્રેમદાસા રણસિંઘે (1993) ની હત્યાનો આરોપ છે.
- યુએન સેક્રેટરી જનરલ બાન કી-મૂને નોર્વેની મહિલા મેજર જનરલ ક્રિસ્ટીન લુંડને સાઇપ્રસમાં યુનાઇટેડ નેશન્સ પીસકીપીંગ ફોર્સનું નેતૃત્વ કરવા માટે જનરલ (Force Commander) નીમ્યાં. તે યુનાઇટેડ નેશન્સ પીસકીપીંગ ફોર્સનાં પ્રથમ મહિલા જનરલ બન્યાં. મેજર જનરલ ક્રિસ્ટન લુંડને 13 ઑગસ્ટ, 2014 માં નિવૃત્ત થઈ રહેલા ચીની મેજર જનરલ ચાઓ લીયૂનું સ્થાન લેવાનું છે. ક્રિસ્ટન લુંડ સાઇપ્રસમાં એક હજાર પીસકીપર્સના કમાન્ડર બનશે. સાઇપ્રસ વર્ષ 1974 થી તુર્કિશ સાઇપ્રસ ઉત્તર અને ગ્રીક સાઇપ્રસ દક્ષિણ બે ભાગમાં વિભાજિત છે અને એને ફરીથી એક કરવા માટે ચર્ચા શરૂ થઈ ગઈ છે.
- વિશ્વનો સૌથી મોટો બેદાગ વાદળી હીરો ક્રિસ્ટી હરાજીમાં 2.379 કરોડ ડોલરમાં વેચાયો. નાસપતીના આકારવાળા આ હીરાને 'ધ વિંસ્ટન બ્લ્યુ' નામ આપવામાં આવ્યું છે.
- અમેરિકન સેનેટે ભારતીય અમેરિકન નાગરિક ઇન્દિરા તલવાનીની મેસાચુસેટ્સમાં ફેડરલ જજના પદ પર નિમણૂક કરવાની મંજૂરી આપી. ઇન્દિરા તલવાની મેસાચુસેટ્સ અને પ્રથમ સર્કિટમાં ન્યાયાધીશ તરીકે સેવા આપવાવાળી એશિયન મૂળની પ્રથમ નાગરિક બની. દેશમાં દક્ષિણ અશિયન મૂળની તે બીજી મહિલા ન્યાયાધીશ છે.
- અશ્વિન બી. પંડ્યાની સેન્ટ્રલ વોટર કમિશનના અધ્યક્ષ અને સરકારના હોદ્દાની રુએ સચિવ તરીકે નિમણૂક. તે આ પદનો અધિક કાર્યભાર નવેમ્બર 2013 થી સાંભળી રહ્યા હતા.
- પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે (PCB) ઝીમ્બાબ્વેના ભૂતપૂર્વ ક્રિકેટર ગ્રાન્ટ ફ્લાવરને પાકિસ્તાનના બેટિંગ કોચ નીમ્યાં. ગ્રાન્ટ 1 ઑગસ્ટ, 2014 થી પોતાનું કામકાજ સંભાળશે. અત્યારે PCB ના પ્રમુખ 'નઝમ સેઠી' તેમજ મુખ્ય કોચ 'વકાર યુનુસ' છે.

- શાહરૂખખાને ફોર્બ્સ મિડલ ઈસ્ટ મેગેઝીનની વિશેષ આવૃત્તિના મુખ્ય પેજની શોભા વધારી. મેગેઝિને કિંગખાનને પોતાની 'ટોપ ઇન્ડિયન લીડર્સ ઇન આરબ વર્લ્ડ' ની યાદીમાં પ્રથમ સ્થાન આપ્યું.
- વિશ્વ બેન્કે જણાવ્યું છે કે ખરીદશક્તિમાં ભારતે જાપાનને પાછળ રાખી દીધું છે. ૨૦૦૫માં ભારત ૧૦મા ક્રમે હતું. પણ ૨૦૧૧માં ભારત ત્રીજા સ્થાને આવી ગયું. પરંતુ ઓછા લોકોને ખબર છે કે ચલણી નોટો છાપવાના મુદ્દે આપણે અમેરિકા, યુકે, યુરો , ઓસ્ટ્રેલિયા અને કેનેડા કરતાં પણ આગળ છીએ. આ દેશોના મુકાબલે આપણે ત્યાં વધુ ચલણ અમલમાં છે અને મૂલ્ય પણ વધુ છે.

  **કેટલી કરન્સી ચલણમાં**

  - દુનિયાના ૬ મોટા દેશોમાં જીડીપીના તુલનામાં ૨.૫ થી ૮ કરન્સી ચલણમાં છે. પરંતુ ભારતમાં જીડીપીની સરખામણીમાં ૧૩ કરન્સી ચલણમાં છે.

20

- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ના ભૂતપૂર્વ ગવર્નર તેમજ અર્થશાસ્ત્રી સી. રંગરાજને (ચક્રવર્તી રંગરાજન) વડાપ્રધાનના આર્થિક સલાહકાર પરિષદ (PMEAC) ના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું. કેન્દ્રમાં સત્તા પરિવર્તનના પગલે સી. રંગરાજન સાથે પરિષદના અન્ય સભ્યોએ પણ વડાપ્રધાનને પોતાનાં રાજીનામાં આપ્યાં. સી. રંગરાજન વર્ષ 2005 થી પ્રમુખ હતા. પરિષદનો કાર્યકાળ વડાપ્રધાનના કાર્યકાળ બરાબર હોય છે.
- નોવાક જોકોવિકે ત્રીજી વખત ઈટાલીના રોમમાં રાફેલ નડાલને હરાવી ઇટાલિયન ઓપન ટેનિસ 2014 નો પુરૂષ એકલ ખિતાબ જીત્યો.
- ડૉ. એપીજે અબ્દુલ કલામને સ્કોટલેન્ડ (બ્રિટન) ની એડિનબર્ગ યુનિવર્સિટીએ 'ડોક્ટરેટ' ની માનદ પદવીથી સન્માનીત કર્યા.
- થાઇલેન્ડના લશ્કરે દેશમાં સરકાર વિરોધી દેખાવો થવાના કારણે વહીવટી કટોકટીમાં કાયદા વ્યવસ્થા જાળવી રાખવા માટે 'માર્શલ લૉ' લગાવવાની ઘોષણા કરી. જાણવામાં આવ્યુ છે કે સત્તાના દુરુપયોગની બાબતમાં થાઇલેન્ડની બંધારણીય અદાલતે વર્તમાન વડાપ્રધાન તેમજ 'ફીયુ થાઈ પાર્ટી' ના નેતા યિંગલક શીનાવાત્રા અને તેમના મંત્રીમંડળના નવ મંત્રીઓને તેમના પદેથી 7 મે 2014 ના દિવસે બરતરફ કર્યાં, જેનાથી થાઇલેન્ડમાં રાજકીય કટોકટી શરૂ થઈ. થાઇલેન્ડની બંધારણીય અદાલતે તેમને પોતાના પરિવારને લાભ અપાવવા માટે સત્તાનો દુરુપયોગ કરવા માટે દોષી મેળવ્યા હતાં. થાઇલેન્ડ દક્ષિણ પૂર્વ એશિયામાં આવેલો દેશ છે, જેનું પ્રાચીન નામ શ્યામદેશ છે.

  **માર્શલ લૉ**

www.crackgpsc.com

- o વિપરીત રાજકીય પરિસ્થિતિમાં જ્યારે કોઈ દેશની વહીવટી વ્યવસ્થાને તે દેશનું લશ્કર પોતાના હાથમાં લે છે ત્યારે જે નિયમ અસરકારક હોય છે તેને 'માર્શલ લૉ' (Martial law) અથવા લશ્કરી કાયદો કહેવામાં આવે છે. તેના હેઠળ કેદી સ્વરૂપ લક્ષણો જેવા અધિકારોને સ્થગિત કરવામાં આવે છે. ઘણી વાર માર્શલ લૉ કાયદા હેઠળ ન્યાય માટે લશ્કરનું એક પંચ (ટ્રીબ્યુનલ) નિમણૂક કરવામાં આવે છે.

- શ્રી જીતનરામ માંઝીએ બિહારના નવા મુખ્યમંત્રી તરીકે સોગંધ લીધા. રાજ્યપાલ ડી.વાય.પાટિલે તેમને પટનામાં રાજભવન ખાતે પદ અને ગુપ્તતાના સોગંધ લેવડાવ્યા. જનતાદળ યુનાઈટેડનાં નેતા શ્રી માંઝીએ બે નિર્દલીય સદસ્યો સહિત 17 મંત્રીઓ સાથે શપથ લીધા.
- નેપાળમાં ભારતીય દૂતાવાસ અને મનીપાલ કૉલેજ ઑફ મેડિકલ સાયન્સ ભારતના ભૂતપૂર્વ સૈનિકોને કેશલેસ તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવશે. ભારત સરકારે ભૂતપૂર્વ સર્વિસમેન સહાયક આરોગ્ય યોજના (Ex-servicemen Contributory Health Scheme-ECHS) શરૂ કરી છે, જે નેપાળમાં ECHS યાદીમાં દાખલ તમામ મુખ્ય હોસ્પિટલોમાં કેશલેસ તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કામ કરશે.
- સાઉદી અરેબિયા શ્વાસ સંબંધી રોગ સાથે જોડાયેલ MERS કોરોના વાયરસની લપેટમાં છે. વર્ષ 2012 માં આ વાયરસના સંકેત મળ્યા પછી સાઉદી અરેબિયામાં MERS વાયરસના કારણે મૃત્યુ આંક 173 સુધી પહોંચી ગયો છે.

21

- સરકારી કામકાજમાં ઝડપ લાવવા માટે મધ્યપ્રદેશ સરકારે ભોપાલમાં મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં થયેલી મંત્રી પરિષદની બેઠકમાં ઇ-મેઈલ નીતિને મંજૂરી આપી છે. મધ્યપ્રદેશ આ પ્રકારની નીતિને મંજૂરી આપવાવાળું દેશનું પ્રથમ રાજ્ય છે.
- બીજેપીના ભૂતપૂર્વ અધ્યક્ષ નિતિન ગડકરીની કરવાના કેસમાં આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પટિયાલા હાઉસ કોર્ટે ન્યાયિક તપાસમાં તિહાર જેલમાં મોકલી દીધા. ગડકરીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે 31 જાન્યુઆરીએ કેજરીવાલે ભારતના સૌથી વધુ ભ્રષ્ટ લોકોની યાદી રજૂ કરી હતી, જેમાં ગડકરીનું નામ પણ સામેલ હતું.
- નરેન્દ્ર મોદીએ 13 વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા પછી પોતાના પદેથી રાજીનામું આપ્યું. તેમણે રાજભવન જઈને રાજયપાલ કમલા બેનિવાલને પોતાનું રાજીનામું આપ્યું. મોદી 26 મેની સાંજે છ વાગ્યે દેશના નવા વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કરશે.

www.crackgpsc.com

- મોદીએ આનંદીબેન પટેલને પોતાના અનુગામી પસંદ કર્યા છે. જે ગુજરાતની પ્રથમ મહિલા તેમજ ગોલ્ડ મેડાલિસ્ટ વિજેતા મુખ્યમંત્રી છે. નિરર્થક બાબતોમાં નહીં પડવાવાળા આનંદીબેન રાજ્યમાં બીજેપી સરકારમાં સૌથી લાંબા સમય સુધી મંત્રી રહ્યાં. તે 1980ના સમયના ઉત્તરાર્ધમાં બીજેપી સાથે સંકળાયાં હતાં અને ત્યારથી તે સતત પાર્ટીમાં પ્રગતિ કરતાં રહ્યાં.
- વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારંભમાં ભાગ લેવા માટે સાર્ક (SAARC) દેશોના શાસનાધ્યક્ષોને આમંત્રિત કરવામાં આવ્યા છે. 26 મે સોમવારે રાખવામાં આવેલા સમારંભ માટે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના અને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ હામિદ કરઝાઇને પણ આમંત્રિત કરવામાં આવ્યાં છે.
- બીજુ જાનતા દળના અધ્યક્ષ નવીન પટનાયકે સતત ચોથી વાર ઓરિસ્સાના મુખ્યમંત્રી પદની શપથ લીધી. રાજ્યપાલ એસ.સી. ઝમીરે ભુવનેશ્વરમાં રાજભવનમાં મુખ્યમંત્રી અને 21 મંત્રીઓને પદ અને ગુપ્તતાની શપથ લેવડાવી.
- મુંબઈની પ્રથમ ફ્લોટિંગ હોટલ એ. બી. સેલેસ્ટિઅલનું અનાવરણ મહારાષ્ટ્ર પર્યટન વિકાસ દ્વારા કરવામાં આવ્યું. તેને પ્રસિદ્ધ બાન્દ્રા વર્લી સી લિંક પાસે બાન્દ્રામાં સ્થાપિત કરવામાં આવશે. તેની કુલ ક્ષમતા 660 મહેમાનોની છે.
- સુપ્રીમ કોર્ટે વર્ષ 2002માં કોલકાતામાં અમેરિકન સેન્ટર પર થયેલા હુમલા માટે દોષિત થયેલા બે આરોપીઓના મૃત્યુદંડને આજીવન કારાવાસની સજામાં બદલી નાખી. આ કેસનો મુખ્ય આરોપી આફતાબ અહમદ અન્સારી આજીવન જેલમાં રહેશે. અન્ય એક આરોપી જમીલુદ્દીન નાસિરને કોઈ છૂટ વિના ઓછામાં ઓછા ત્રીસ વર્ષ જેલમાં રહેવું પડશે.
- માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં તેની ટીમ કોચ્ચિને 'કેરલ બ્લાસ્ટર્સ' નું નામ આપ્યું. રાજ્યના મુખ્યમંત્રી ઓમન ચાંડીએ તેંડુલકર સાથેની સંક્ષિપ્ત બેઠક પછી ટીમનું નામ જાહેર કર્યું.




22-23

- મધ્ય લંડનમાં હરાજી ગૃહ ખાતે ક્રિસ્ટી દ્વારા કરાયેલી હરાજીમાં મૈસુરના 18મી સદીના પ્રસિદ્ધ રાજા ટીપૂ સુલતાનની એક સોનાની વીંટી તેની અંદાજિત કિંમત કરતાં 10 ગણી વધારે કિંમત 145000 પાઉન્ડમાં વેચાઈ. આ વીંટી પર દેવનાગરી લિપિમાં ભગવાન રામનું નામ લખેલું છે. કહેવામાં આવે છે કે 1799 માં શ્રીરંગપટ્ટિનમ ખાતે બ્રિટિશ ઈન્ડિયા કંપનીના સૈનિકો સાથે યુદ્ધમાં ટીપુ સુલતાનના મૃત્યુ પછી તેમના શબ પરથી આ વીંટી કાઢી લેવામાં આવી હતી.

www.crackgpsc.com

- નરેન્દ્ર મોદીનું ફેસબુક પેજ વિશ્વના કોઈ પણ ચૂંટાયેલા નેતાની સરખામણીએ સૌથી ઝડપથી વિકાસ પામતું ફેસબુક પેજ છે અને સમગ્ર વિશ્વના રાજનેતાઓમાં અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા પછી તેમના સમર્થકોની સંખ્યા સૌથી વધુ બીજા ક્રમે છે.
- ટોચની ખેલાડી સાઇના નેહવાલ અને પી.વી. સિંધુને ઉબેર કપ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ. તેમને પાંચ વખત ચેમ્પિયન થયેલા જાપાન સાથે પ્રથમ સેમિફાઇનલમાં 2-3 થી હાર ભોગવવી પડી.
- જીનેવા (સ્વિટ્ઝર્લૅન્ડ) માં વિશ્વ આરોગ્ય સંગઠનના 67મા સંમેલનનું પૂર્ણ અધિવેશન સમાપ્ત થયું. વર્ષ 2014 નો વિષય 'જળવાયુ અને સ્વાસ્થ્ય વચ્ચેનો સંબંધ' રાખવામાં આવ્યો. ભારત તરફથી કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ઉપરી સચિવ (સ્વાસ્થ્ય) સી.કે. મિશ્રાએ સંમેલનમાં ભાગ લીધો.
- જીવાસ્મ વૈજ્ઞાનિકોએ ડાયનાસોરનું વિશ્વનું સૌથી લાંબુ જીવાસ્મ આર્જેન્ટીનાના પાટાગોનિયા વિસ્તારમાંથી મેળવ્યું. આ જીવાસ્મની લંબાઈ 40 મીટરથી વધારે છે, જે અત્યાર સુધી પ્રાપ્ત થયેલા ડાયનાસોરના જીવાસ્મનો એક રેકોર્ડ છે.
- ઘરેલુ ઇ-રિટેલર કંપની ફ્લિપકાર્ટે દેશના ઈ-કોમર્સ ક્ષેત્રમાં એક મોટું પગલું ભરતાં ઓનલાઈન ફેશન રિટેલર કંપની મિન્ત્રાને ખરીદી લીધી. આ કરાર લગભગ 2000 કરોડ રૂપિયામાં થયો છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થાએ 'દુનિયાના યુવાનો માટે સ્વાસ્થ્ય' નામનો રિપોર્ટ રજૂ કર્યો. રિપોર્ટમાં 10 થી 19 વર્ષ સુધીની ઉમરના છોકરાઓ અને છોકરીઓ બંનેમાં બીમારી અને વિકલાંગતાનું મુખ્ય કારણ હતાશા જણાવવામાં આવ્યું. યુવાનોમાં મૃત્યુના મુખ્ય ત્રણ કારણમાં માર્ગ અકસ્માત, HIV/એઇડ્સ અને આત્મહત્યા.
- નાઇજીરિયન ઇસ્લામિક આતંકવાદી જૂથ 'બોકો હરમ' ને સંયુક્ત રાષ્ટ્રે આતંકવાદી સંગઠન જાહેર કર્યું. યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સીલની 'અલકાયદા પ્રતિબંધ સમિતિ' એ આ સમૂહને આતંકવાદી સંગઠનમાં યાદીબદ્ધ કરતાં તેની પર પ્રતિબંધ મૂક્યો.
- ઇન્ટેલિજન્સ બ્યૂરો (IB) ના ભૂતપૂર્વ ડિરેક્ટર રાજીવ માથુરે ચીફ ઇન્ફર્મેશન કમિશ્નરનું પદ ગ્રહણ કર્યું. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. રાજીવ માથુરે નિવૃત્ત સુષમા સિંહનું સ્થાન લીધું. 64 વર્ષના રાજીવ માથુર દેશના છઠ્ઠા ચીફ ઇન્ફર્મેશન કમિશ્નર બન્યા. રાજીવ માથુરનો સમયગાળો 23 ઑગસ્ટ 2014 સુધી છે. ચીફ ઇન્ફર્મેશન કમિશ્નરનો સમયગાળો પદગ્રહણથી 5 વર્ષ સુધી અથવા 65 વર્ષની ઉંમર સુધી ( જે પ્રથમ પૂર્ણ થાય) છે.
- અફઘાનિસ્તાનના હેરાત પ્રાંતમાં આવેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર આતંકવાદીઓએ હુમલો કર્યો. દૂતાવાસમાં હાજર તમામ ભારતીય કર્મચારીઓને સુરક્ષિત બચાવી લેવામાં

આવ્યા. હેરાતમાં આવેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસ, અફઘાનિસ્તાનમાં ભારતીય મદદથી તૈયાર થઈ રહેલી 'સલમા બંધ પરિયોજના' સહિત અન્ય ઘણી વિકાસ પરિયોજનાઓનું સંયોજન કેન્દ્ર છે.

- સમગ્ર વિશ્વમાં 23 મે 2014 ના દિવસે વિશ્વ કાચબા દિવસની ઉજવણી કરવામાં આવી. આ દિવસ લોકોનું ધ્યાન કાચબા તરફ આકર્ષિત કરવા અને તેના રક્ષણ માટે કરવામાં આવતા માનવીય પ્રયાસોને પ્રોત્સાહિત કરવા ઉજવવામાં આવે છે.

24

- કે. રાજેન્દ્રકુમારની જમ્મુ અને કાશ્મીર પોલીસના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક. તેમણે અશોક પ્રસાદનું સ્થાન લીધું. હાલમાં તે જમ્મુ અને કાશ્મીરના ખાસ ડિરેક્ટર જનરલ તરીકે કામ કરી રહ્યા છે.
- ભારતીય મહિલા બેંકનો ભારતીય રિઝર્વ બેંક (RBI) અધિનિયમની બીજી અનુસૂચિ, 1934 માં સમાવેશ. ભારતીય મહિલા બેંકને અનુસૂચિમાં સમાવેશ કરવાની સાથે જ ભારતમાં કોમર્શિયલ બેંકની કુલ સંખ્યા 89 થી વધીને હવે 90 થઈ ગઈ છે. ભારતીય મહિલા બેંક હવે RBI પાસેથી બેંક દર પર લોન લેવા અને ક્લીયરિંગ હાઉસનું સભ્યપદ પ્રાપ્ત કરવા માટે લાયક થઈ જશે. ભારતીય મહિલા બેંક ભારતની પ્રથમ પૂર્ણ રીતે મહિલાઓની બેંક છે. તેની શરૂઆત 19 નવેમ્બર, 2013 થી 1000 કરોડ રૂપિયાની મૂડી સાથે થઈ હતી.
- નરેન્દ્રકુમાર વર્મા પબ્લિક એન્ટરપ્રાઇઝ સિલેક્શન બોર્ડ દ્વારા ONGC વિદેશ લિમિટેડ (OVL) ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક પામ્યા. નરેન્દ્રકુમાર વર્માએ દિનેશ કે. સર્રાફનું સ્થાન લીધું, જેમને માર્ચ 2014 માં ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પદોન્નતિ આપવામાં આવી હતી.
- હિંદુસ્તાન મોટર્સ લિમિટેડે પોતાનો ઉત્તરપાડા પ્લાન્ટ 24 મે, 2014 ના રોજ બંધ કરવાની ઘોષણા કરી. આ પ્લાન્ટ બંધ થવાની સાથે જ અહીં એમ્બેસેડર બ્રાન્ડ કારનું નિર્માણ પણ બંધ થઈ ગયું. તેનું કારણ આર્થિક સમસ્યા, ઉત્પાદનમાં ઘટાડો અને તેની ઓછી થતી માંગ હતું. પશ્ચિમ બંગાળમાં હુગલી જિલ્લાના ઉત્તરપાડામાં આવેલો આ પ્લાન્ટ દેશનો પ્રથમ અને એક માત્ર એકીકૃત ઓટોમોબાઇલ પ્લાન્ટ છે જ્યાં એમ્બેસેડર કારનું ઉત્પાદન થતું હતું. .
- ઇજિપ્તની ક્રિમિનલ કોર્ટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હોસ્ની મુબારકને ત્રણ વર્ષ જેલની સજા આપી. તેમને ઇજીપ્તના રાષ્ટ્રપતિ પદ પર રહીને કરેલા સરકારી ધન કૌભાંડના આરોપમાં આ સજા આપવામાં આવી.
- થાઈલેન્ડના આર્મી ચીફ જનરલ 'પ્રાયુથ ચાન ઓચા' દેશના કાર્યવાહક વડાપ્રધાન જાહેર. ઓચાએ થાઈલેન્ડના વર્તમાન કાર્યવાહક વડાપ્રધાન 'નિવત્તુમએંગ બૂનસાંગપાઇસન' ના

તખ્તાપલટ કરવાના એક દિવસ પછી આ ઘોષણા કરી. થાઈલેન્ડની રાજધાની બેંગકોક છે. થાઈલેન્ડમાં બંધારણીય રાજશાહી સાથે સંસદીય લોકશાહી છે.

- આબોહવા પરિવર્તનના ભયને કારણે હિમાલયની 800 ઔષધીય વનસ્પતિઓને રેડ બુકમાં સમાવેશ કરવાની જાહેરાત. ઔષધીય વનસ્પતિઓની આ પ્રજાતિઓ લુપ્ત થવાની અણી પર છે. વિશ્વમાં ઔષધીય છોડની લગભગ 2500 પ્રજાતિઓમાંથી 1158 પ્રજાતિઓ ભારતમાં છે.

**રેડ બુક**

- o રેડ બુક (Red Book) વર્ષ 1970 માં સ્થપાયેલ 'ઇન્ટરનેશનલ યુનિયન ફોર કંઝર્વેશન ઑફ નેચર એન્ડ નેચરલ રિસોર્સિઝ'-IUCNNR નો એક આંકડા સંગ્રહ છે. તેમાં લુપ્ત થવાના આરે પડેલા જીવ-જંતુઓ, પક્ષીઓ તેમજ વનસ્પતિઓની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે અને તેના સંરક્ષણ માટે વૈશ્વિક જાગૃતિ ફેલાવવામાં આવે છે.

- કેન્દ્રિય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને 56384 કરોડ રૂપિયાની સબસિડી ચૂકવવાનો આદેશ આપ્યો. નિયંત્રિત ભાવ પર ડીઝલ અને રાંધણ ગેસના વેચાણ માટે વર્ષ 2013-14 માં ઓઇલ કંપનીઓને થયેલા નુકસાનના વળતર માટે સરકારે આ પગલું ભર્યું.

25

- દક્ષિણ એશિયન દેશ થાઈલેન્ડમાં થયેલા લશ્કરી બળવા પછી ત્યાં લોકશાહી શાસનની ફરીથી સ્થાપનાની માંગણી કરતાં અમેરિકાએ થાઈલેન્ડ સાથે ચાલી રહેલી લશ્કરી અભ્યાસને રદ કર્યો.
- લીથુઆનિયાની આયર્ન લેડી ડાલિયા ગ્રીબોસ્કેટે લીથુઆનિયાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી.
- માઈક્રોમેક્સે સેમસંગ ઇન્ડિયાના મોબાઈલ તેમજ IT બિઝનેસના પ્રમુખ વિનીત તનેજાને પોતાના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નિમણૂક કર્યા. માઈક્રોમેક્સ દેશની બીજી સૌથી મોટી સ્માર્ટફોન કંપની છે.
- જિલ્લા પ્રવાસન અધિકારી વિજયકુમાર મોહંતીએ જણાવ્યું છે કે આ વિશાળ ઝાડ પોતાની 600 ડાળીઓ સાથે, 1.3 એકર જમીન પર ફેલાયેલું છે. આ સ્થળે સમગ્ર વર્ષ દરમિયાન આવવાવાળા પ્રવાસીઓની સંખ્યાને જોતાં રાજ્ય સરકારે તેને પ્રવાસન સ્થળનો દરજ્જો આપ્યો છે.
- આંધ્રપ્રદેશની 13 વર્ષની માલવત પૂર્ણા માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાવાળી સૌથી યુવાન મહિલા પર્વતારોહી બની.

www.crackgpsc.com

- દિલ્હીના સિરી ફોર્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોજાયેલ ટીમ બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપ ઉબેર કપની ફાઇનલ સ્પર્ધામાં વિશ્વની ટોચની એક ખેલાડી લિ શૂરુઈ અને ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયન શિઝિયાન વાંગે જાપાનને હરાવી ચીનને 13મી વખત ઉબેર કપ ચેમ્પિયન બનાવ્યું.
- કોલકાતા નાઇટરાઇડર્સના વિસ્ફોટક બેટ્સમેન યુસુફ પઠાણે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે માત્ર 15 બોલમાં અર્ધશતક બનાવી ઇન્ડિયન પ્રીમિયર લીગમાં નવો રેકોર્ડ બનાવ્યો. તેમણે એડમ ગિલક્રિસ્ટ અને ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો. ગિલક્રિસ્ટે 2009માં દિલ્હી ડેરડેવિલ્સ સામે સેન્ચુરીયનમાં સેમીફાઈનલમાં 17 બોલમાં અડધી સદી બનાવી હતી. ગેલે 2012માં પુણે વોરિયર્સ સામે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 17 બોલમાં અડધી સદી બનાવી હતી.
- જાપાને પાંચ વાર ચેમ્પિયન બનેલા મલેશિયાને હરાવી પ્રથમ વખત થોમસ કપ બેડમિન્ટન ખિતાબ જીત્યો. આ અંતિમ મેચ નવી દિલ્હીના સિરી ફોર્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રમવામાં આવી. જાપાનના તાકુમા ઉયેદાએ મલેશિયાના ડેરેન લિયૂને હરાવ્યો. થોમસ કપ અને ઉબેર કપનું આયોજન 19 થી 25 મે 2014 ના મધ્ય ભારતમાં પ્રથમ વખત થયું.
- યુક્રેનમાં 25 મે, 2014 ના દિવસે થયેલી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પેટ્રો પોરોશેન્કોએ જીત મેળવી. તેમણે પ્રથમ રાઉન્ડમાં 54% મત સાથે ચૂંટણી જીતી.

26

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નરેન્દ્ર મોદીને 26 મે, 2014 ના દિવસે ભારતના 15મા પ્રધાનમંત્રીના પદ તેમજ ગુપ્તતાના શપથ લેવડાવ્યા. પૂરું નામ નરેન્દ્ર દામોદરદાસ મોદી. તેઓ ઓક્ટોબર 2001 થી મે 2014 સુધી ચાર વાર ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા. નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશના વારાણસી તેમજ ગુજરાતના વડોદરા સંસદીય ક્ષેત્રથી ભાજપની ટિકિટ પર 16મી લોકસભા માટે ચૂંટવામાં આવ્યા.
- RBI એ દિશા-નિર્દેશ રજૂ કરી 10 વર્ષથી વધુ વયના સગીર બાળકો માટે સ્વતંત્ર રૂપે બચત ખાતું ખોલવા અને તેના ઉપયોગ માટેની પરવાનગી આપી. આવા સગીરોને ATM અને ચેક બુક જેવી અન્ય સુવિધાઓના ઉપયોગની પણ મંજૂરી આપી છે. 18 વર્ષથી ઓછી વયના તમામ બાળકો અને કિશોર સગીર માનવામાં આવે છે. અત્યાર સુધી બેંક સગીરોને માત્ર તેમના માતા-પિતા અથવા વાલી સાથે બેંક ખાતું ખોલવાની મંજૂરી આપતી હતી.
- ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું છે કે પ્લાસ્ટિક ચલણી નોટનું ક્ષેત્ર પરીક્ષણ કર્યા પછી 2015 થી બજારમાં મૂકવામાં આવશે.
- ઝારખંડના રાંચીમાં રમાયેલ મેચમાં હોકી ગંગપુર-ઓરિસ્સાએ હરિયાણાને હરાવી ચોથો સબ જુનિયર છોકરાઓની રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપ (ડિવિઝન એ) નો ખિતાબ જીત્યો.

www.crackgpsc.com

- તેલંગાણા રાષ્ટ્ર સમિતિ (TRS) ના પ્રમુખ કે. ચંદ્રશેખર રાવે લોકસભામાં આંધ્રપ્રદેશના મેડક ક્ષેત્રના સભ્ય તરીકે રાજીનામું આપ્યું. રાવ નવા બનેલા રાજ્ય તેલંગાણાના મુખ્યમંત્રી બનશે. 2 જૂને અલગ રાજ્ય બન્યા પછી તેલંગાણાના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે.
- જાપાને વિયેતનામમાં આયોજિત એશિયા મહિલા ફૂટબોલ 2014 નો ખિતાબ જીત્યો. ફાઇનલ મેચમાં પૂર્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને 1-0 થી હરાવ્યું. આ જાપાનનો અત્યારસુધીનો પ્રથમ મહિલા ફૂટબોલ ખિતાબ છે.
- ફ્રાંસના કાનમાં આયોજીત 67મા કાન આંતરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં નુરી બિલ્જ જેલાન દ્વારા નિર્દેશિત તુર્કી ફિલ્મ 'વિન્ટર સ્લીપ' ને સર્વશ્રેષ્ઠ ફિલ્મનો 'પામ ધ ઓર' પુરસ્કાર એનાયત.

**67મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2014 ના પુરસ્કાર:**

- **પામ ધ ઓર** : ફિલ્મ 'વિન્ટર સ્લીપ' (નુરી બિલ્જ જેલાન નિર્દેશિત)
- **ગ્રાન્ડ પ્રિક્સ** : ફિલ્મ 'લી મેરાવીજલી' (એલિસ રોર્વાશર દ્વારા નિર્દેશિત)
- **સર્વશ્રેષ્ઠ નિર્દેશક** : અમેરિકન નિર્દેશક બેનેટ મિલર (ફિલ્મ 'ફાક સકૈચર' માટે)
- **જ્યુરી પ્રાઇઝ** : ફિલ્મ 'મમ્મી' અને 'અડ્યૂ આ લેંગેજ'
- **સર્વશ્રેષ્ઠ અભિનેતા**: ટીમોથી સ્પેલ (માઇક લી નિર્દેશિત ફિલ્મ 'મિ. ટર્નર' માટે)
- **સર્વશ્રેષ્ઠ અભિનેત્રી**: જુલિયન મુરે (ડેવિડ ક્રોનેબર્ગ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'મેપ્સ ટુ ધ સ્ટાર્સ' માટે)

- ભારતીય મેનેજમેન્ટ વિદ્વાન જીતેન્દ્રવીર સિંહને હોંગકોંગ વિજ્ઞાન અને ટેક્નોલૉજી યુનિવર્સિટીના બિઝનેસ સ્કુલના ડીન તરીકે નીમવામાં આવ્યા. તે ઈન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (IIM-A) ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તે અત્યારે અમેરીકામાં પ્રોફેસર છે.
- રિયલ મેડ્રિડે લિસ્બનમાં એટલેટિકો મેડ્રિડને હરાવી 10મો UEFA ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ખિતાબ જીત્યો.
- ગુજરાતના પાટણમાં આવેલ અદભૂત સ્મારક રાણીની વાવને યુનાઈટેડ કિંગ્ડમના સ્કોટલેન્ડમાં ધ સ્કોટિશ ટેન પ્રોજેક્ટ હેઠળ ડિજિટલ રૂપ આપવામાં આવશે. રાણીની વાવ એ પાંચ આંતરરાષ્ટ્રીય વિરાસત સ્થળોમાંથી એક છે જેને નવીનતમ ટેક્નોલૉજીથી સ્કોટલેન્ડમાં ડિજિટલ રૂપ આપવામાં આવશે. અન્ય વિદેશી સ્થળ જેને ધ સ્કોટિશ ટેન પ્રોજેક્ટ દ્વારા ડિજિટલ રૂપ આપવામાં આવશે : અમેરિકાના માઉન્ડ રશ્મોર રાષ્ટ્રીય સ્મારકમાં રાખેલા રાષ્ટ્રપતિનું મસ્તક, ચીનના ઈસ્ટર્ન ક્વિંગ ટોમ્બ્સ, ઓસ્ટ્રેલિયાના સિડની ઓપેરા હાઉસ. પાંચમા સ્થળની પસંદગી અને જાહેરાત જૂન 2014 સુધી કરવામાં આવશે.

## રાણીની વાવ

- રાણીની વાવ ભારતના ગુજરાત રાજ્યના પાટણ શહેરમાં સ્થિત પ્રખ્યાત વાવ છે. રાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં પાટણ અણહિલપુરપાટણ નામે જાણીતું હતું અને તે ગુજરાતની રાજધાની હતું.
- રાણીની વાવનું નિર્માણ ઇ.સ. 1022-1063 ની વચ્ચે થયું હતું. આ સ્થળને 1950 ની સદીમાં ફરીથી શોધવામાં આવ્યું. સદીઓએ તેના ઘણાં સ્તરોને ભરી દીધા હતાં, પરિણામે તેમાં કરેલું નકશી કામ હજુ સુધી તેના મૂળ સ્વરૂપમાં છે.

- તમિલનાડુમાં 25 વર્ષો પછી વન વિભાગની વન્ય જીવ શાખા તરફથી રાજ્યમાં ઓલિવ રિડલે સંરક્ષણ કાર્યક્રમ ફરી એક વાર શરૂ કરાયો. ઓલિવ રિડલે કાચબાના સંરક્ષણ વિષે જાગૃતિ ફેલાવવા માટે કામ કરે છે.
- ડિપાર્ટમેન્ટ ઑફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી (DEITY) ના મોબાઈલ સેવા પ્રોજેક્ટને સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા એવોર્ડ 2014 માં એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં બીજું સ્થાન. મોબાઈલ સેવાનો હેતુ મોબાઈલ અને ટેબલેટ દ્વારા સરકારી સેવાઓ લોકો સુધી પહોંચાડવાનો છે. આ શ્રેણીનો પ્રથમ પુરસ્કાર રિપબ્લિક ઑફ કોરિયાને કોરિયા સ્વાસ્થ્ય અને કલ્યાણ માહિતી સેવા માટે તેના સોશિયલ સિક્યોરિટી ઈન્ફર્મેશન સિસ્ટમ (SSIS) ને આપવામાં આવ્યો.

Useful For....
UPSC, GPSC, PSI, SSC, RBI, IBPS, TAT, TET, Railway, Post, LIC, MBA & All Competitive Exams
www.crackgpsc.com

www.crackgpsc.com

**27**

- <u>સુષ્મા સ્વરાજ</u> દેશના <u>પ્રથમ મહિલા વિદેશ મંત્રી</u> બન્યાં. માત્ર 25 વર્ષની ઉંમરમાં હરિયાણા સરકારમાં સૌથી યુવાન કેબિનેટ મંત્રી બનાવાવાળા સુષ્માના ખાતામાં દિલ્હીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી (1998) અને દેશમાં કોઈ રાજકીય પક્ષના પ્રથમ મહિલા પ્રવક્તા બનવાની સિદ્ધિનો સમાવેશ પણ થાય છે.

## મંત્રીમંડળ

### પ્રધાનમંત્રી

**નરેન્દ્ર મોદી** : કર્મચારી, સાર્વજનિક ફરિયાદો અને પેન્શન, અણુ ઉર્જા વિભાગ, અવકાશ વિભાગ, તમામ મહત્વપૂર્ણ નીતિગત બાબતો, અન્ય કોઈ મંત્રીને ફાળવવામાં ન આવ્યા હોય તે તમામ વિભાગ.

### કેબિનેટ મંત્રી

- **રાજનાથ સિંહ**: ગૃહ મંત્રાલય
- **સુષ્મા સ્વરાજ**: વિદેશ મંત્રાલય, પ્રવાસી ભારતીયોથી જોડાયેલ બાબતોનું મંત્રાલય
- **અરુણ જેટલી**: નાણાં મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, વ્યાવસાયિક બાબતો
- **વેંકૈયા નાયડુ**: શહેરી વિકાસ મંત્રાલય, આવાસ તેમજ શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય, સંસદીય કાર્ય મંત્રાલય
- **નીતિન ગડકરી**: માર્ગ પરિવહન તેમજ હાઇવે, શીપીંગ
- **ડી. વી. સદાનંદ ગૌડા**: રેલવે મંત્રાલય
- **ઉમા ભારતી**: જળ સંચય, નદી વિકાસ અને ગંગા શુદ્ધિકરણ
- **નઝમા હેપતુલ્લા**: લઘુમતી બાબતોનું મંત્રાલય
- **ગોપીનાથ મુંડે**: ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, પીવાના પાણી અને સ્વચ્છતા
- **રામવિલાસ પાસવાન**: ગ્રાહક બાબતો, ખોરાક અને જાહેર વિતરણ
- **કલરાજ મિશ્ર**: નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગો
- **મેનકા ગાંધી**: મહિલા અને બાળ કલ્યાણ વિકાસ
- **અનંત કુમાર**: રસાયણ અને ખાતર વિભાગ
- **રવિશંકર પ્રસાદ**: ટેલિકોમ અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી, કાયદો અને ન્યાય
- **અશોક ગજાપતિ રાજુ**: નાગરિક ઉડ્ડયન

www.crackgpsc.com

- **અનંત ગીતે:** ભારે ઉદ્યોગો અને જાહેર સાહસો
- **હરસિમરત કૌર બાદલ:** ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ
- **નરેન્દ્રસિંહ તોમર:** ખાણ, સ્ટીલ, શ્રમ અને રોજગાર
- **જુએલ ઓરામ:** આદિવાસી કલ્યાણ
- **રાધામોહન સિંહ:** ખેતી પ્રધાન
- **થાવરચંદ ગહલોત:** સામાજીક ન્યાય અને અધિકારિતા
- **સ્મૃતિ ઈરાની:** માનવ સંસાધન વિકાસ
- **ડો. હર્ષવર્ધન:** આરોગ્ય અને પરિવાર કલ્યાણ

## રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)

- જનરલ (સેવાનિવૃત્ત) **વી. કે. સિંહ:** પૂર્વોત્તર રાજ્યોનો વિકાસ (સ્વતંત્ર હવાલો), વિદેશ મંત્રાલય, પ્રવાસી ભારતીય બાબતોનું મંત્રાલય
- **રાવ ઇન્દ્રજીત સિંહ:** આયોજન (સ્વતંત્ર હવાલો), આંકડાકીય તેમજ કાર્યક્રમ અમલીકરણ (સ્વતંત્ર હવાલો), સંરક્ષણ
- **સંતોષકુમાર ગંગવાર:** કાપડ (સ્વતંત્ર હવાલો), સંસદીય કાર્ય મંત્રાલય, જળ સંચય, નદી વિકાસ અને ગંગા શુદ્ધિકરણ
- **શ્રીપદ નાઈક:** સંસ્કૃતિ (સ્વતંત્ર હવાલો), પ્રવાસન (સ્વતંત્ર હવાલો)
- **ધર્મેન્દ્ર પ્રધાન:** પેટ્રોલિયમ અને કુદરતી ગેસ (સ્વતંત્ર હવાલો)
- **સર્વાનંદ સોનોવાલ:** કૌશલ્ય વિકાસ, ઔદ્યોગિકતા, યુવા બાબતો તેમજ રમત (સ્વતંત્ર હવાલો)
- **પ્રકાશ જાવડેકર:** માહિતી અને પ્રસારણ (સ્વતંત્ર હવાલો), પર્યાવરણ, વન તેમજ આબોહવા પરિવર્તન (સ્વતંત્ર હવાલો), સંસદીય બાબતો
- **પિયુષ ગોયલ:** વીજળી (સ્વતંત્ર હવાલો), કોલસો (સ્વતંત્ર હવાલો), પુન:પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો (સ્વતંત્ર હવાલો)
- **જીતેન્દ્ર સિંહ:** વિજ્ઞાન અને ટેક્નોલોજી (સ્વતંત્ર હવાલો), ભૂ-સ્તર વિજ્ઞાન (સ્વતંત્ર હવાલો), પ્રધાનમંત્રી કાર્યાલય, કર્મચારી, લોક ફરિયાદો અને પેન્શન, અણુ ઉર્જા વિભાગ, અવકાશ વિભાગ
- **નિર્મલા સીતારમણ:** વાણિજ્ય તેમજ ઉદ્યોગ (સ્વતંત્ર હવાલો), નાણાં, કોર્પોરેટ બાબતો

## રાજ્યમંત્રી

- **જી. એમ. સિદ્ધેશ્વરા:** નાગરિક ઉડ્ડયન
- **મનોજ સિંહા:** રેલવે

www.crackgpsc.com

- **નિહાલચંદ મેઘવાલ**: રસાયણ અને ખાતર
- **ઉપેન્દ્ર કુશવાહા**: ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, પીવાના પાણી તેમજ સ્વચ્છતા
- **પી. રાધાકૃષ્ણન**: ભારે ઉદ્યોગ તેમજ જાહેર સાહસ
- **કિરેન રિજિજુ**: ગૃહ મંત્રાલય
- **કૃષ્ણપાલ ગુર્જર**: માર્ગ પરિવહન તેમજ હાઇવે, શીપીંગ
- **સંજીવકુમાર બાલિયાન**: ખેતી, ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ
- **મનસુખભાઇ વસાવા**: આદિવાસી બાબતો
- **રાવસાહેબ દન્વે**: ગ્રાહક બાબતો, ખોરાક અને જાહેર વિતરણ
- **વિષ્ણુદેવ સાઈ**: ખાણ, સ્ટીલ, શ્રમ તેમજ રોજગાર
- **સુદર્શન ભગત**: સામાજીક ન્યાય તેમજ અધિકારિતા

- લિબિયાના નવા ચૂંટાયેલા પ્રધાનમંત્રી અહમદ મૈતીકે પ્રધાનમંત્રી પદની શપથ લીધી.
- સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, કાળા નાણાંને પાછાં લાવવા માટે ન્યાયાધીશ (નિવૃત્ત) એમ. બી. શાહની અધ્યક્ષતામાં વિશેષ તપાસ પંચ SIT ની રચના.
- આઝાદી સમયે જ્યારે આપણે મીઠાની આયાત કરતા હતા, જ્યારે આજે મીઠું ઉત્પાદન કરતા 120 દેશોમાંથી વાર્ષિક 2.4 કરોડ ટન સરેરાશ વાર્ષિક ઉત્પાદન સાથે ભારત આજે ત્રીજા સ્થાન પર છે. ભારતીય મીઠા ઉદ્યોગ દેશની 1.8 કરોડ ટનની જરૂરિયાત પૂરી કર્યા પછી 20 દેશોમાં 50 લાખ ટન મીઠાની નિકાસ કરે છે. ભારતમાં સિંધાલૂણ મીઠાનો એકમાત્ર સ્રોત હિમાચલ પ્રદેશમાં આવેલ મંડી છે. ગુજરાત કુલ ઉત્પાદનમાં 75%, તામિલનાડુ 11% અને રાજસ્થાન 10% ફાળો આપે છે.

28

- ટ્રાઇના ભૂતપૂર્વ પ્રમુખ નૃપેન્દ્ર મિશ્રા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્ય સચિવ નિમાયા. ટ્રાઈ એક્ટ તેના પ્રમુખો અને સભ્યોના પદ છોડયા પછી કેન્દ્ર અથવા રાજ્ય સરકારોમાં કોઈ અન્ય પદની નિમણૂક પર પ્રતિબંધ મૂકે છે. કાયદાની આ જોગવાઈ, જે મિશ્રાને મુખ્ય સચિવ તરીકે નીમવામાં વિરોધ કરી શકે એમ હતી, મોદી સરકારે તેના સંશોધન માટે વટહુકમ લાગુ પાડ્યો.
- વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીની ભારતના 14મા એટર્ની જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી. રોહતગી અત્યારના એટર્ની જનરલ જી.ઇ. વાહનવતીનું સ્થાન લેશે.
- મલેશિયન હોકીના જનક સુલ્તાન અઝલન શાહનું 86 વર્ષની ઉંમરે અવસાન. સુલ્તાન અઝલન શાહ પેરેકના સુલ્તાન હતા અને તેમને મલેશિયન હોકીના પિતા કહેવામાં આવે છે.

- સિંગાપુર ભારતમાં ફોરેન ડિરેક્ટ ઇન્વેસ્ટમન્ટ (FDI) કરવાવાળું સૌથી મોટું સ્રોત બન્યું. તેણે મોરેશિયસનું સ્થાન લીધું.
- સૉફ્ટવેર કંપની ઈન્ફોસિસ (INFOSYS) ના અધ્યક્ષ અને બોર્ડના સભ્ય શ્રીનિવાસને પોતાના પદથી રાજીનામું આપ્યું.
- ભારત અને સીંગાપુરની નૌસેના વચ્ચે વર્ષ 2014નો વાર્ષિક નૌસેના અભ્યાસ આંદામાન સાગરમાં સંપન્ન થયો. આ અભ્યાસને સિમ્બેક્સ 14 નામ આપવામાં આવ્યું.
- મલેશિયાના પ્રથમ ક્રમના બેડમિન્ટન ખેલાડી લી ચોંગ વેઇને બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) દ્વારા વર્ષ 2013 ના સર્વશ્રેષ્ઠ પુરૂષ ખેલાડીનો પુરસ્કાર. મહિલા વર્ગમાં વિશ્વની પ્રથમ ક્રમની તેમજ ચીનની મહિલા ખેલાડી લી જુરેઇને વર્ષ 2013 ની સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડીનો પુરસ્કાર. લી ચોંગ વેઇએ આ પુરસ્કાર વર્ષ 2009, 2010, 2011 માં પણ જીત્યો હતો.
- માર્ચ 2014 ના પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં ભારતનો વિદેશી નાણા ભંડાર વધીને 15.5 અબજ અમેરિકન ડોલર થઈ ગયો. આ જાણકારી ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા નાણાંકીય વર્ષ 2013-14 માં વિદેશી નાણા ભંડારમાં ફેરફારના સ્રોતો પર રજૂ કરેલી માહિતીથી મળી.
- શેખર ગુપ્તા, ધ ઇન્ડિયન એક્સપ્રેસના એડિટર-ઈન-ચીફ દ્વારા લખાયેલ પુસ્તક એન્ટિસિપેટિંગ ઈન્ડિયા-ધ બેસ્ટ ઓફ નેશનલ ઇન્ટરેસ્ટનું વિમોચન થયું. આ પુસ્તકમાં ભારતના રાજનૈતિક ક્ષેત્ર અને પ્રવૃત્તિઓ પર છેલ્લાં 19 વર્ષોમાં શેખર ગુપ્તા દ્વારા લખાયેલ 900 કોલમને આવરી લીધેલ છે.
- કેદી માતા-પિતાના બાળકો માટે માસિક ધોરણે એક ચોક્કસ રકમ આપવાની નાણાંકીય સહાય યોજનાને મંજુરી મળી. આ રકમ બાળકોની 18 વર્ષની ઉંમર થાય ત્યાં સુધી અથવા માતા-પિતા જેલમાંથી મુક્ત થાય, જે પણ પહેલા હોય ત્યાં સુધી આપવામાં આવશે.
  - પ્રથમ બાળક માટે-3000 રૂપિયા
  - બીજા બાળક માટે-2000 રૂપિયા
  - ત્રીજા બાળક માટે-1500 રૂપિયા
  - નાણાંકીય સહાય રકમ લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવશે. હાલમાં મહિલા તેમજ બાળ વિકાસ વિભાગની નિયામક સૌમ્યા ગુપ્તા છે.
- જાપાનના હિરોશી નાકાની વિશ્વ બેંકના ઉપપ્રમુખ અને જનરલ ઓડિટર તરીકે નિમણૂક કરવામાં આવી.
- મેઘાલય હાઇકોર્ટે શિલોંગમાં પોતાના એક નિર્ણયમાં જણાવ્યુ કે, એવા બાંગ્લાદેશના નાગરિક, જે ભારતમાં 24 માર્ચ, 1971 પહેલાં સ્થાયી થયા હોય, તેમને ભારતીય ગણવા જોઈએ.

29

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની વડોદરા લોકસભા બેઠક પરથી રાજીનામું આપ્યું, હવે તેઓ સંસદના નીચલા ગૃહમાં ઉત્તર પ્રદેશના વારાણસી સંસદીય ક્ષેત્રના પ્રતિનિધિ તરીકે રહેશે. વડાપ્રધાન લોકસભા ચૂંટણી 2014 દરમિયાન વડોદરા અને વારાણસી બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા અને બન્ને બેઠકો પર તેમણે જીત મેળવી હતી.
- પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન યુસુફ રઝા ગિલાનીને પાકિસ્તાનની એક ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટે ટ્રેડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઑફ પાકિસ્તાન (TDAP) માં નાણાકીય ગેરરીતિ સંબંધિત કેસમાં બિનજામીનપત્ર ધરપકડ વોરંટ આપ્યો.
- રાહુલ ગાંધીને "જોકર" કહેવા બદલ કેરળના ભૂતપૂર્વ મંત્રી ટી. એચ. મુસ્તફાને કોંગ્રેસે સસ્પેન્ડ કરી દીધા.
- IPL માં સૌથી વધુ મેચ રમવાનો રેકોર્ડ બનાવવાવાળા ચેન્નાઈ સુપર કિંગ્સના સુરેશ રૈના IPL ની સાતેય સિઝનમાં 400 રન બનાવવાનો અનોખો રેકોર્ડ બનાવ્યો હોય તેવા પ્રથમ બેટ્સમેન બન્યા. મુંબઈ ઈન્ડિયન્સ સામે રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સની જીતમાં રૈનાએ 7મી IPL માં 400 રનના આંકડાને પણ પાર કરી દીધો.
- રશિયાનું સોયુઝ બૂસ્ટર રોકેટ કઝાકિસ્તાનમાં બેકાનૂર સ્પેસ સેન્ટરથી ચાલક દળના ત્રણ સભ્યો સાથે ઇન્ટરનેશનલ સ્પેસ સેન્ટર માટે રવાના થયું. ચાલક દળમાં નાસાના રીડ વાઇસમેન, રશિયન અવકાશયાત્રી મેક્સ સુરાયેવ અને જર્મનીના એલેક્ઝાન્ડર ગેર્સ્ટનો સમાવેશ થાય છે.
- ઈજીપ્તના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં પૂર્વ સેના પ્રમુખ અબ્દેલ ફતહ અલ સીસીએ 96.2% મત પ્રાપ્ત કરી ભારે મતોથી ચૂંટણી જીતી. જેમણે ગયા વર્ષે જુલાઈમાં ચૂંટાયેલા ઈસ્લામિક રાષ્ટ્રપતિ મોહમ્મદ મુરસીને પદભ્રષ્ટ કર્યા હતા.
- સુપ્રીમ કોર્ટની સહારા ગ્રુપને વિદેશમાં ત્રણ હોટલોની ભાગીદારી વેચીને નાણાંની વ્યવસ્થા કરવા માટે પોતાની ધિરાણકર્તા બેંક ઑફ ચાઈનાનો સંપર્ક કરવાની મંજૂરી. તેનાથી જેલમાં બંધ ગ્રુપના પ્રમુખ સુબ્રતો રાયને છોડવવા માટે જામીન રકમની વ્યવસ્થા કરવામાં મદદ મળી શકે છે.
- એરએશિયા ઈન્ડિયા દેશમાં પોતાની ફ્લાઇટ્સનું સંચાલન 12 જૂનથી શરૂ કરશે. ટાટા સન્સ અને અરુણ ભાટિયાની ટેલેસ્ટ્રા ટ્રેડપ્લેસના સંયુક્ત સાહસ એરએશિયા ઈન્ડિયા ફ્લાઇટને લાઇસન્સ આપવામાં આવ્યું છે.
- ખાનગી ક્ષેત્રની ભારતીય કંપની 'ટાટા સ્ટીલ' ને અમેરિકાની રિસર્ચ કંપની 'ડન એન્ડ બ્રાડસ્ટ્રીટ' (D&B) તરફથી, મૂંબઈમાં યોજાયેલ એક સમારંભમાં સર્વશ્રેષ્ઠ ભારતીય સ્ટીલ

કંપનીનો પુરસ્કાર. ટાટા સ્ટીલ તરફથી કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ સર્વિસીઝ) સુનિલ ભાસ્કરને આ પુરસ્કાર સ્વીકાર્યો.

- ડૉ. વિશ્વનાથ ત્રિપાઠીને 23મું વ્યાસ સન્માન આપવામાં આવ્યું. ડૉ. ત્રિપાઠીને વર્ષ 2013 માટે તેમની રચના 'વ્યોમકેશ દરવેશ' માટે આ સન્માન આપવામાં આવ્યું. 'વ્યોમકેશ દરવેશ' આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદીના જીવનચરિત્ર પર આધારિત એક સાહિત્યકૃતિ છે. વ્યાસ સન્માન ભારતીય સાહિત્ય માટે આપવામાં આવતા 'જ્ઞાનપીઠ પુરસ્કાર' પછી બીજા ક્રમનું સૌથી મોટું સાહિત્ય સન્માન છે.
- ભારતીય મીડિયા ક્ષેત્રમાં અત્યાર સુધીના સૌથી મોટા સોદામાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) નેટવર્ક 18 મીડિયા એન્ડ ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ તેમજ તેની પેટા કંપની TV.18 બ્રોડકાસ્ટ લિમિટેડ પર નિયંત્રણ માટે 4000 કરોડ રૂપિયામાં ખરીદશે. નેટવર્ક-18 ગ્રુપના CEO બી. સાઈકુમારે કંપનીમાં રાજુનામું આપ્યું.
    - o નેટવર્ક-18ની કેટલીક પ્રમુખ ડિજિટલ ઇન્ટરનેટ સંપત્તિઓ: ઇન ડોટ કોમ, IBN લાઈવ ડોટ કોમ, મનીકંટ્રોલ ડોટ કોમ, ફર્સ્ટપોસ્ટ ડોટ કોમ, ક્રિકેટનેક્સ્ટ ડોટ કોમ, હોમશોપ 18 ડોટ કોમ, બુકમાઇશો ડોટ કોમ. તેના સિવાય તે કલર્સ, CNNIBN, CNBC TV18, CNBC આવાઝ ચેનલ ચલાવે છે.

30

- મોદીએ ટ્વિટ કર્યું કે જીવિત વ્યક્તિઓના જીવનચરિત્રને શાળાના અભ્યાસક્રમના ભાગરૂપે સમાવેશ કરવા જોઈએ નહીં. ભારતનો ઇતિહાસ દેશને વર્તમાન સુધી લાવવાવાળા દિગ્ગજોની ગાથાઓથી ભરપૂર છે.
- દિલ્હી-આગ્રા રેલવેમાર્ગ પર આ વર્ષના અંત સુધીમાં એવી હાઇ સ્પીડ ટ્રેન ચાલશે, જેનાથી દિલ્હી અને આગ્રા વચ્ચેનું અંતર માત્ર 90 મિનિટમાં કાપી શકાશે. અત્યારે ભોપાલ શતાબ્દી એક્સ્પ્રેસને દિલ્હીથી આગ્રા પહોંચવામાં 126 મિનિટનો સમય લાગે છે.
- 'લોખંડી મહિલા' નામથી જાણીતી મણિપુરની ઇરોમ ચાનુ શર્મિલા એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી કે તે 'દમનકારી' સશસ્ત્રદળ વિશેષાધિકાર કાયદો – અફસ્પા 1958 નાબૂદ કરી 14 વર્ષથી ચાલુ તેમની ભૂખ હડતાળ પૂરી કરવામાં મદદ કરે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પત્ની જશોદાબેનને ગુજરાતની મહેસાણા પોલીસે ચોવીસ કલાક પોલીસ સુરક્ષા પૂરી પાડી છે. જશોદાબેન મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામમાં રહે છે.

www.crackgpsc.com

- નરેન્દ્ર મોદીએ પોતાના મંત્રીઓને સૂચના આપી છે કે તેઓ જનતાને પોતાના કાર્યોની જાણકારી આપવા અને તેમની ફરિયાદો જાણવા માટે ટ્વિટર, ફેસબુક જેવી સોશિયલ નેટવર્કિંગ સાઇટ પર એકાઉન્ટ ખોલે.
- ઇન્ટેલિજન્સ બ્યૂરોના ભૂતપૂર્વ પ્રમુખ અને નિવૃત્ત IPS અધિકારી અજીતકુમાર ડોભાલની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારના પદ પર નિમણૂક કરવામાં આવી છે.
- હંસલ મેહતાના નિર્દેશનમાં બનેલી બ્રિટિશ ફિલ્મ 'મેટ્રો મનીલા' (2013) નું ભારતીય સંસ્કરણ 'સીટી લાઇટ્સ' ભારતીય થિયેટરોમાં રીલીઝ કરવામાં આવ્યું. 'સીટી લાઇટ્સ' માં મુખ્ય પાત્ર અભિનેતા રાજકુમાર રાવ તેમજ અભિનેત્રી પત્રલેખાએ ભજવ્યાં છે.
- 30 મે, 2014: ગોવા દિવસ. આ રાજયનો 27મો રાજ્ય દિવસ હતો. ગોવા 30 મે, 1987 ના રોજ ભારતીય સંઘનું 25મું રાજ્ય બન્યુ હતું. ગોવા ભારતના પશ્ચિમ કિનારે આવેલું એક નાનકડું રાજ્ય છે. વર્ષ 1510 થી આ વિસ્તાર પોર્ટુગલ સામ્રાજ્યનો ભાગ હતો અને ત્યાં સુધી કે 1947 માં ભારતની આઝાદી પછી પણ તેમના અંકુશમાં હતો. ડિસેમ્બર 1961 માં ભારતીય સૈનિકોએ ઑપરેશન વિજય શરૂ કર્યું અને ગોવાની હદ પાર કરી પ્રવેશ કર્યો જેના પરિણામ સ્વરૂપે પોર્ટુગલ સુરક્ષા બળોએ આત્મસમર્પણ કરી દીધું. ભારત વર વાંચૂ ગોવાના રાજયપાલ અને મનોહર પર્રિકર મુખ્યમંત્રી છે.
- નરેન્દ્ર મોદીએ ગુજરાત ક્રિકેટ આસોસિયેશન (GCA) ના અધ્યક્ષ પદેથી પોતાનું રાજીનામું ગુજરાત ક્રિકેટ સંઘના સચિવ રાજેશ પટેલ ને આપ્યું. ગુજરાતના ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ હાલમાં GCA ના ઉપપ્રમુખ છે.
- ઈક્વાડોરના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જામીલ માહૌદ ને દેશની સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં 12 વર્ષની જેલની સજા આપી. મહૌદે વર્ષ 1999 માં ઈક્વાડોરના નાગરિકોના બેંક ખાતાંઓનો 50 ટકા ભાગ અસ્થાઈ રૂપે બંધ કરવાનો આદેશ આપ્યો હતો, જેનાથી દેશ ગંભીર નાણાંકીય કટોકટીમાં આવી ગયો હતો.
- ભારત સરકાર અને વિશ્વ બેંક વચ્ચે વિશ્વ બેંક (IDA) ની મદદથી સર્વ શિક્ષા અભિયાનના ત્રીજા (III) તબક્કા માટે 1006.20 મિલિયન અમેરિકન ડોલરના લૉન કરાર પર હસ્તાક્ષર કર્યાં. આ શિક્ષણના સાર્વત્રીકરણ માટે ચલાવવામાં આવતો વિશ્વનો સૌથી મોટો કાર્યક્રમ છે. ભારતના સંવિધાનમાં 86મા સુધારા દ્વારા 6 થી 14 વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણને અમલી કરવામાં આવ્યું છે.
- બે ભારતીય અમેરિકનો – શ્રીરામ જે હથવાર અને અંસુન સુજોએ એ પ્રતિષ્ઠિત સ્ક્રીપ્સ નેશનલ સ્પેલિંગ બી સ્પર્ધાના સહ-વિજેતા બની ઇતિહાસ રચી દીધો છે. આવું 1962 પછી પ્રથમ વખત થયું છે.

- 'ક્રિકેટ કા મક્કા' કહેવાતા લોર્ડ્સના ઐતિહાસિક મેદાનની 5 જુલાઈએ 200મી વર્ષગાંઠ પર વેસ્ટ ઈન્ડિઝના મહાન ખેલાડી બ્રાયન લારા એમસીસી અને શેષ વિશ્વ એકાદશના વચ્ચે યોજાનારી મેચમાં સચિન તેંડુલકરની કેપ્ટનશીપમાં રમશે. જ્યારે ઓસ્ટ્રેલિયાના શેનવોર્નની કેપ્ટનશીપવાળી શેષ વિશ્વ એકાદશ ટીમમાં આરોન ફિંચ અને એડમ ગિલક્રિસ્ટ પણ રમશે.

31

- હરિયાણામાં આમ આદમી પાર્ટીના પ્રભારી પદથી અને PAC થી યોગેન્દ્ર યાદવે રાજીનામું આપ્યું. લોકસભા ચૂંટણીમા પાર્ટી રાજ્યની 10 બેઠકોમાંથી એક પર પણ જીત મેળવી શકી નહીં. યોગેન્દ્ર યાદવ પણ હરિયાણાથી ચૂંટણી હારી ગયા હતા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ 30 મંત્રી સમૂહ, 9 એમ્પાવર્ડ ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (EGOM) અને 21 ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (GOM) નું વિઘટન કર્યું. તેમણે મંત્રાલયો અને વિભાગોના બાકી રહેલા મુદ્દાઓ પર નિર્ણય લેવાનું કહ્યું.
- અખિલેશ સરકારે જાવેદ ઉસ્માનીના ને મુખ્ય સચિવ પદથી હટાવીને કૃષિ ઉત્પાદન આયુક્ત આપ્યું અને તેમની જગ્યાએ આલોક રંજનને પ્રદેશના નવા મુખ્ય સચિવ બનાવ્યા. ઉસ્માનીને માર્ચ 2012 માં રાજયમાં સપા સરકાર બન્યા પછી તરત રાજ્યના મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા હતાં.
- મોરીશસનો ભારત સાથે સ્વચાલિત કર માહિતી વિનિમય કરવાનો નિર્ણય. મોરીશસના પ્રધાનમંત્રી નવીન રામગુલામે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે બેઠક કર્યા પછી આ નિર્ણયની ઘોષણા કરી.
- ગૂગલે યુરોપિયન લોકો માટે "રાઇટ ટુ બી ફોરગોટન" નામની એક સેવા શરૂ કરી. ગૂગલને યુરોપિયન યુનિયન કોર્ટના દિશા સૂચન પછી આ સેવાને શરૂ કરવી પડી કે સર્ચ એન્જિન પર આવતી અસંગત લિંક અને જૂના ડેટાને અનુરોધ પર દૂર કરવામાં આવે.
- પંજાબના મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે લુધિયાણાના લાડોવાલમાં મેગા ફૂડ પાર્ક સ્થાપવાની મંજૂરી આપી. 10મી યોજનાની ફૂડ પાર્ક યોજનાનો 11મી યોજનાના સમયગાળા દરમિયાન સુધારો કરવામાં આવ્યો અને તેનું નામ મેગા ફૂડ પાર્ક સ્કીમ (MFPS) રાખવામાં આવ્યું.
- દક્ષિણ આફ્રિકામા સફળ થયેલી રાઈનો DNA ઇન્ડેક્સિંગ સિસ્ટમ (રોડિસ) ને આસામના વન અધિકારીઓ સામે પ્રદર્શિત કરવામાં આવી. તેનાથી તેમને આસામમાં ગેંડાના ગેરકાનુની શિકારને રોકવામાં મદદ મળશે. રાઈનો DNA ઇન્ડેક્સિંગ સિસ્ટમને ગેંડાના ગેરકાનુની શિકારની તપાસ અને શંકાસ્પદ પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે દક્ષિણ આફ્રિકામાં વિકસાવવામાં આવી છે.

www.crackgpsc.com

- ભારતીય રેલવે નવી દિલ્હી-ભોપાલ શતાબ્દી એક્સપ્રેસ સહિત અડધો ડઝન ચેર કાર ટ્રેનમાં દરેક સીટ પાછળ LED ટીવી લગાવવાનું કામ શરૂ કરશે. આઠ કલાક સુધીની સફર કરવાવાળી ગાડીઓમાં પ્રથમ વિભાગમાં આ ટીવી લગાવવામાં આવશે.
- નાણાંકીય વર્ષ 2013-14 માં દેશનો આર્થિક વૃદ્ધિ દર 4.7% સાથે નબળો રહ્યો.
- મર્સિડિઝ ડ્રાઈવર નિકો રોસબર્ગ (જર્મની) ફોર્મુલા વન મોનાકો ગ્રાં. પ્રી. વિજેતા બન્યા. આ સિઝનની બીજી અને તેમની કારકિર્દીની પાંચમી જીત હતી.




www.crackgpsc.com